
# બાળકોના રંગલાલા

## ભાગ-૪



લેખક

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



વિ. સં. ૧૯૭૭ રંગઅવધૂત નારેશ્વર

# બાળકોના રંગદાદા

## (૧)

## નિષ્કિંચન વ્રત

નર્મદા કિનારે આવેલાં ઇન્દ્રવર્ણા ગામમાં સ્વપ્નમાં પાંડુરંગને આદેશ થયો: "દત્તપુરાણનાં એકસો આઠ પારાયણ કરો."

નર્મદા કિનારે આવેલાં ભરૂચ ગામમાંથી દત્તપુરાણ ગ્રંથ તેમને મળ્યો.

સાંઇખેડામાં ધૂણીવાળા દાદાએ અને વડોદરામાં લંગડે સ્વામીએ પણ તેમને માર્ગદર્શન કર્યું: "નર્મદા કિનારે વેરાન સ્થળે સાધના કરો. જંગલમાં મંગલ."

જાણે પ.પ. સ્વામી મહારાજ પોતે જ પાંડુરંગને નર્મદા કિનારે રહેવાની ગોઠવણ કરતા હતા.

એમણે વાવેલા દત્તભક્તિનાં બીજને વૃક્ષમાં વિકસાવી પાંડુરંગ ગુજરાતના ખૂણે ખૂણાને "દત્ત દત્ત"થી ગજવે એવી સ્વામી મહારાજની ઇચ્છા હશે.

મોરટક્કાથી વડોદરા આવી ભગવાન નામના સંત સાથે પાંડુરંગે વિગતે વાતો કરી.

ભગવાને કહ્યું: "તમે જે સ્થિતિમાં ત્રણ-ચાર કલાક રહો છો એ સ્થિતિમાં ચોવીસે કલાક રહેવાનો પ્રયત્ન કરો. તમે પકડેલો રસ્તો બરાબર છે."

ભગવાનના આશીર્વાદ લઈ પાંડુરંગે નિષ્કિંચન વ્રત સ્વીકાર્યું.

નિષ્કિંચન વ્રત એટલે પૈસાનો સ્પર્શ કરવાનો નહિ.

નિષ્કિંચન વ્રત એટલે અયાચિતવૃત્તિથી રહેવું.

કેવળ પ્રભુ ઉપર ભરોસો રાખી જે પરિસ્થિતિ નિર્માણ થાય તે પરિસ્થિતિ સ્વીકારી તેમાં આનંદથી જીવવું.

કોઈ પાસે સીધી કે આડકતરી રીતે કશું પણ માંગવું નહિ.

વસ્તુની જરૂર પડે તો શું? એ ચિંતા ભગવાન કરે.

માગ્યા વિના કોઈ પૈસા આપે તો પણ સ્વીકારવા નહિ.

પૈસાને અડવું નહિ અને પૈસાનો સ્પર્શ થઈ જાય તો?

તો એ દોષના નિવારણરૂપે ઉપવાસ કરવો.

આવું આકરું વ્રત લઈને પાંડુરંગ મા રેવાને ખોળે જવા નીકળ્યા.

•

# (૨)

## રણાપુરના રસ્તે- 'મા' રેવાને ખોળે

પૂ. લંગડે સ્વામીએ નર્મદા કિનારે રહેવા સૂચવ્યું.
રેવા-માના ખોળે માથું મૂકવાનો નિશ્ચય કર્યો ત્યાં જ યાદ આવ્યા રતનલાલ મહાત્મા.
રતનલાલ મહાત્મા અને પાંડુરંગ બંને અમદાવાદના રાષ્ટ્રીય આદર્શ વિનય મંદિરમાં ભણાવતા હતા.
બંને શિક્ષકો. બંને સાત્ત્વિક વૃત્તિના બ્રાહ્મણો.
બંને આત્મોન્નતિ પંથના પ્રવાસી એટલે મનમેળ પણ સારો.
રતનલાલે અમદાવાદની શાળા છોડી અને સાથે અમદાવાદ પણ છોડ્યું.
એમણે રણાપુરની સ્કૂલમાં નોકરી સ્વીકારી.
આ રતનલાલનો દીકરો ઘેરથી નાસી ગયો હતો ત્યારે પાંડુરંગ પણ રતનલાલ સાથે દીકરાને ખોળવા ગયા હતા અને ત્યારે જ એમને ભરૂચમાંથી દત્તપુરાણનો ગ્રંથ મળ્યો હતો.
નર્મદા કિનારે આવેલી માધવવિજય સંસ્કૃત પાઠશાળામાં શિક્ષકની નોકરી કરતા હતા.
આ શાળા માલસરમાં થઈ ગયેલા સમર્થ સંત માધવતીર્થે સ્થાપી હતી.

આ અંગ્રેજી સ્કૂલમાં રતનલાલ મહાત્મા શિક્ષક તરીકેની સેવા આપતા હતા.

વડોદરાથી નીકળીને પાંડુરંગ રણાપુર પહોંચ્યા.

રતનલાલ રાજી રાજી થયા.

પાંડુરંગે બધી વાતો વિગતે કરી અને સાધના માટેના સ્થાનની તપાસ કરવા જણાવ્યું.

રતનલાલે કહ્યું કે હાલ આપ અહીં શાળાના મકાનમાં રહો.

મારા ઘરે ભિક્ષા કરજો અને ટૂંક સમયમાં જ આપણે સ્થાન શોધી કાઢીશું.

પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવનાર પાંડુરંગ પાઠશાળાના મકાનમાં રહ્યા.

●

# (૩)
# પાઠશાળામાં પાંડુરંગની પ્રવૃત્તિ

સને ૧૯૨૫ની સાલ. સપ્ટેમ્બર મહિનો.
સપ્ટેમ્બર મહિનાનું પહેલું અઠવાડિયું.
પાંડુરંગ પાઠશાળાના મકાનમાં રહે.
નર્મદામાં સ્નાન કરે અને આખો દિવસ બસ! એકાંતમાં જ રહે.
માણસ સમાજમાં રહેવા ટેવાયલો છે.
એ એકલો પડી જાય તો એને ઓછું ગમે.
આપણા પાંડુરંગને એકાંતમાં ખૂબ જ આનંદ આવે.
આખો દિવસ એકાંતમાં રહે.
આખો દિવસ ધ્યાનમાં અને આત્મચિંતનમાં જાય.
આત્મચિંતનમાં રહે તે સદા આનંદમાં રહે.
આત્મા આનંદસ્વરૂપ છે.
આપણને આનંદનો અનુભવ થાય છે તે આત્માનો અનુભવ છે.
પણ સામાન્ય સંસારી એમ માને કે આનંદ વસ્તુમાં છે.
સારી વસ્તુ ખાવાથી આનંદ મળે એવું આપણને લાગે પણ એ સાચું નથી.
આત્મામાંથી મળતા આનંદને આપણે વસ્તુમાંથી આનંદ મળે છે એવી ગેરસમજમાં ફેરવીએ છીએ.

આવી ગેરસમજ જે ન કરે અને સાચી વાત સમજે તે જ આત્મચિંતનમાં મસ્ત બને.

પાંડુરંગનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન ઘણું સારું.

શાસ્ત્રનું વાંચન વ્યાપક.

શાસ્ત્ર અંગેનું ચિંતન ઊંડું અને વિશિષ્ટ પ્રકારનું.

પાઠશાળામાં રાત્રે એકાદ કલાક પાઠશાળાના સાધુઓ સાથે વાતો કરે.

એમને સંસ્કૃત સ્તોત્રો શીખવે.

સ્તોત્રો સમજાવે.

"નારદભક્તિ સૂત્ર" ઉપર પ્રવચન કરે.

સાધુઓને ઘણું ઘણું જાણવાનું મળે.

એમને સાત્ત્વિક આનંદ પણ મળે.

પણ પાંડુરંગનું મન તો બસ! સ્થળની શોધમાં જ તલપાપડ.

અને ભગવાન એમના તલસાટને સમજે પણ ખરા અને સંતોષે પણ ખરા.

●

# (૪)
# દાસકાકાની ઓળખ

રતનલાલ મહાત્મા રણાપુરમાં રહે.
એમના ઘરના આગળના ફળિયામાં એક સોની રહે.
નામ એમનું હરગોવિંદદાસ.
હરગોવિંદદાસ સોનીના પિતાનું નામ કાનજીભાઇ.
હરગોવિંદદાસ સોની સોનીકામનો ધંધો કરે પરંતુ એમની પ્રકૃત્તિ સાત્ત્વિક અને ધાર્મિક.
સાધુ સંતોની સેવા કરે.
સાત્ત્વિક બ્રાહ્મણને જુએ તો એને માટે કાંઇ કરી છૂટવાની ભાવના રાખે.
હરગોવિંદદાસ સોની ખૂબ પરગજુ.
ગામમાં લોકો એમને 'દાસકાકા'ના હુલામણા નામે બોલાવે.
આ દાસકાકાને એક દીકરી.
નામ એનું મૂળીબહેન.
રતનલાલ મહાત્માનું સાત્ત્વિક જીવન જોઇને દાસકાકાએ મૂળીબહેનને રતનલાલ પાસે મોકલ્યાં.
રતનલાલ મૂળીબહેનને ગીતાના અધ્યાયો વાંચતાં શીખવે, એના અર્થો સમજાવે અને ગીતામાં વધુ રસ પડે એવી વાતો કરે.

આપણા પાંડુરંગ પાઠશાળાના મકાનમાં રહે અને રતનલાલના ઘરે ભિક્ષા લેવા જાય.

ભગવાનનું કરવું તે એક દિવસ એવું બન્યું કે રતનલાલને ત્યાં ભિક્ષા લઈને પાંડુરંગ રતનલાલ મહાત્મા સાથે જતા હતા ત્યાં દાસકાકાએ મહાત્માને બૂમ પાડી.

દાસકાકાને થયું કે રતનલાલ મહાત્માની સાથે તેજસ્વી અને પવિત્ર પુરુષ કોણ હશે?

સારા માણસોનો સંગ કરવાની દાસકાકાને ટેવ.

સારા માણસો સાથે બેસીએ તો સારી વાતો જાણવા મળે.

સારી વાતો સાંભળીએ તો સારા વિચારો આવે.

સારા વિચારો આવે તો સારાં કામ કરવાનું મન થાય અને સારાં કામ કરીએ તો સુખી થવાય.

સુખી થવાનો સાચો રસ્તો છે: બીજાને સુખી કરો.

બીજાનું સારું કરશો તો તમારું પણ સારું થશે.

'કર ભલા, હોગા ભલા' 'ભલું કરે તેનું ભલું થાય.'

દાસકાકાની બૂમ સાંભળી એટલે મહાત્મા ઘરમાં ગયા.

મહાત્મા ઘરમાં ગયા પણ પાંડુરંગ-બ્રહ્મચારીજી તો બહાર જ ઊભા રહ્યા.

પણ આ તો દાસકાકા. વિવેક વિચારવાળા.

સાધુની સેવા કરીને સાધુને ઓળખનારા.

એ તો બહાર ગયા.
પાંડુરંગને પગે લાગ્યા.
આગ્રહ કર્યો: 'મારા ઘરે પધારો.
મારું આંગણું પાવન કરો.'
પાંડુરંગ દાસકાકાને ત્યાં ગયા અને પછી તો એવું બન્યું કે હરગોવિંદદાસ સદાના પાંડુરંગના દાસ બની ગયા.

•

## (૫)
## દાસકાકાનું આત્મસમર્પણ

હરગોવિંદદાસ સોની એટલે દાસકાકા.
પોતે સોની છતાં સત્સંગ અને સાધુઓની સેવાથી ઘડાયેલા.
વિવેકી અને સદ્‌વિચાર કરનારા.
તેઓ પાંડુરંગને આગ્રહ કરી ઘરમાં લાવ્યા.
પાંડુરંગને બેસવા માટે આસન મૂક્યું.
આસન મૂકવા છતાં આપણા બ્રહ્મચારીજી તો ઊભા જ રહ્યા.
દાસકાકા બોલ્યા: "આસન ઉપર બિરાજો."
વિવેકભરી વાણીથી બ્રહ્મચારીજી ખુશ તો થયા પણ બેઠા નહિ.

એમણે દાસકાકાને કહ્યું કે, "બીજાએ વાપરેલા આસન ઉપર હું બેસતો નથી."

આસન શુદ્ધિના નિયમને જાણનારા દાસકાકા તો ખુશ થયા અને દંગ પણ થયા.

એમને થયું, છવીસ-સત્તાવીસ વર્ષનો નવયુવાન આ ઉંમરે આવા નિયમો પાળે એટલે કેવો સત્ત્વશીલ હશે?

સત્સંગથી ઘડાયેલા એવા વિવેકી દાસકાકાએ તરત લાકડાનો પાટલો લીધો.

પાટલાને પાણીથી ધોઇ નાંખ્યો.

પછી એને સરસ મઝાનાં કપડાંથી લૂછી આસન તરીકે મૂક્યો એટલે પાંડુરંગ-બ્રહ્મચારીજી એના પર બેઠા.

પાંડુરંગે પણ દાસકાકાનું હીર પારખી લીધું.

રતનલાલે બ્રહ્મચારીજીનો પરિચય કરાવ્યો.

સાધના માટેનું વેરાન સ્થાન શોધે છે એમ પણ કહ્યું.

વાતચીત પૂરી થઇ.

રતનલાલ અને બ્રહ્મચારીજી બંને ઊઠ્યા.

સંસ્કારી દાસકાકાએ પાંડુરંગ પાસે દક્ષિણારૂપે રૂપિયો મૂક્યો.

પાંડુરંગ-બ્રહ્મચારીજી બોલ્યા: "હું પૈસાનો સ્પર્શ કરતો નથી.

અજાણતામાં પણ કદાચ દ્રવ્ય (પૈસા)નો સ્પર્શ થઇ

જાય તો એના પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ કરું છું.”

દાસકાકા તો આ સાંભળીને દંગ જ થઇ ગયા!

પૈસાનો સ્પર્શ નહિ કરનારો સાધક, સાધુ કે સંત આજ દિન સુધી જોયો ન હતો.

સોની તરીકે સોનાની કુશળતાથી કસોટી કરનાર દાસકાકાએ બ્રહ્મચારીજીની તેજસ્વી પ્રતિભા, ત્યાગ, નિર્દંભીપણું અને પ્રભુ સાક્ષાત્કારનો તલસાટ જોઇ લીધો, જાણી લીધો અને મનોમન એમનાં ચરણોમાં પોતાની જાતનું સમર્પણ કરી દીધું.

વર્ષો પૂર્વે એક સાત્ત્વિક સાધુ કોઇને કહ્યા વગર રણાપુર છોડીને જતા રહ્યા હતા એ સાત્ત્વિક સાધુની વિરહની વેદના આજે શાંત થઇ.

દાસકાકાએ બ્રહ્મચારીને મનથી પોતાનું સર્વ સમર્પણ કરી દીધું.

●

# (૬)
# નારેશ્વરનાં દહેરે

દાસકાકા તો ધન્ય ધન્ય થઇ ગયા.
બ્રહ્મચારીજીને પાદુકા પહેરીને જતાં જોઇ રહ્યા.
હાથમાં મઝાનો દંડ અને પગમાં પહેરેલી પાદુકાનો ખટખટ અવાજ દાસકાકાના કાનમાં ગૂંજી રહ્યો.
એકવાર આવી વિરલ વિભૂતિનો સંગ મળે પછી એને કોણ છોડે?
દાસકાકાનો બ્રહ્મચારીજી સાથેનો પરિચય વધતો ગયો.
વાત વાતમાં રતનલાલે દાસકાકાને બ્રહ્મચારીજીના અનુષ્ઠાન વિશે વાત કરી.
મા રેવાના ખોળે કોઇ વેરાન સ્થળની શોધ ચાલે છે એમ પણ કહ્યું અને પછી પૂછ્યું પણ ખરૂં કે તમારા ધ્યાનમાં છે એવું કોઇ સ્થળ?
દાસકાકાએ બ્રહ્મચારીજીને કહ્યું કે *બાપજી! અહીંથી પાંચેક માઇલ (સાત કિલોમિટર) દૂર લીલોડ કરીને ગામ છે.
એ ગામથી બેએક માઇલ (ત્રણ કિલોમિટર) દૂર ખૂબ બિહામણું જંગલ છે.

---

*પાંડુરંગને પહેલાં બ્રહ્મચારીજી તરીકે અને પછી બાપજી તરીકે ઓળખતાં હતાં.

ત્યાં એક શિવાલય છે. લોકો એને નારેશ્વરનાં દહેરા તરીકે ઓળખે છે.

આપ કહો ત્યારે એ સ્થળ જોવા જઈશું.

બ્રહ્મચારી પાંડુરંગે કહ્યું: શુભસ્ય શીઘ્રમ્ ।

સારા કામમાં ઢીલ નહિ. ચાલો થાવ ઊભા.

પાંડુરંગે પાવડી પહેરી અને હાથમાં દંડ લીધો.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની જેમ રતનલાલ, બ્રહ્મચારીજી અને દાસકાકાની ત્રિપુટી ઊપડી સ્થાન જોવા.

ભોલેનાથનાં દર્શન કરવા.

રસ્તે જતાં જતાં દાસકાકાએ એ ગાઢ નિબિડ જંગલનો ખ્યાલ આપી દીધો.

બાપજી! ધોળે દિવસે પણ ત્યાં જવાની કોઈ હિંમત કરતું નથી.

પછી તો મળ્યા લીલોડના પોલીસ પટેલ.

એ દાસકાકાને ઓળખે.

દાસકાકાએ બધી વાત કરી.

એટલે એણે કહ્યું કે એ સ્થાને ન રહેવાય.

આ નિર્જન સ્થાન છે.

ઝેરી પ્રાણી, હિંસક પ્રાણીનો વાસ, ત્યાંની ભયાનકતા, વિષમ આબોહવા અને વ્યાવહારિક પ્રતિકૂળતા વિશેનો

પૂરો ખ્યાલ આપ્યો.

વાત સાંભળીને સામાન્ય માનવી તો ધ્રૂજી જાય.

ત્યાં જવાનો અને એ સ્થળ જોવાનો વિચાર જ પડતો મૂકે.

પરંતુ આપણા બ્રહ્મચારી પાંડુરંગ તો જેમ જેમ સાંભળતા જાય તેમ તેમ હરખાતા જાય.

અંતરમાં આનંદ ઊભરાય.

એમને થયું કે આવાં જ સ્થળની શોધમાં છું.

બસ! મનમાં તલપ જાગી કે કયારે નારેશ્વરનાં દહેરે પહોંચું.

અને આખરે ત્રણે જણ આવી પહોંચ્યા-નારેશ્વરનાં દહેરે.

●

# (૭)
# દિવ્યતાનાં દર્શન

લીલોડના પોલીસ પટેલ શ્રી ખુશાલભાઈએ ચેતવ્યા.
સ્થાનની ભયંકરતાનો ખ્યાલ આપ્યો.
તો પણ પાંડુરંગ તો દાસકાકા અને રતનલાલની સાથે નારેશ્વરનાં દહેરે આવી પહોંચ્યા.
નારેશ્વરની આ ભૂમિ આમ તો સાત ગામની સ્મશાન ભૂમિ હતી.
સાંજનો સમય હતો. સૂર્યાસ્ત થવાની તૈયારી હતી.
ભૂમિ પર પગ મૂકતાં જ પાંડુરંગ બ્રહ્મચારીને ભૂમિની દિવ્યતાનો તુરત ખ્યાલ આવી ગયો.
દિવ્યતાનું વાતાવરણ એમને સ્પર્શી ગયું.
મોર અને સાપ એ એક બીજાના દુશ્મન ગણાય.
મોર સાપને ખાઈ જાય.
પરંતુ આ ભૂમિમાં તો એ વેરભાવ જણાતો ન હતો.
બે મોરની વચ્ચે એક નાગ ફેણ માંડીને નૃત્ય કરતો હતો.
ભગવાન શંકરનું આભૂષણ એવો નાગ શંકરના પુત્ર કાર્તિકેયના વાહન મોર સાથે ગેલ કરતો હતો એ જોઈને બ્રહ્મચારીજીને ભૂમિની દિવ્યતાનો ખ્યાલ આવી ગયો.
એમની દૃષ્ટિ ગરૂડ જેવી.

જેનાથી સંસારીને બીક લાગે, ભયથી ધ્રુજારી છૂટે એવી ભૂમિનાં દર્શનથી પાંડુરંગના અંતઃકરણમાં આનંદનો ફુવારો ફૂટી નીકળ્યો.

એમણે રતનલાલને અને દાસકાકાને કહ્યું કે "મને આ સ્થાન પસંદ છે.

જેવું એકાંત જોઈતું હતું એવું જ અહીં એકાંત છે."

રતનલાલ અને દાસકાકાનું મગજ બહેર મારી જાય એવો એમણે એમનો નિર્ણય જાહેર કર્યો.

શો નિર્ણય?

એમણે કહ્યું "આજની રાત્રિ હું અહીં જ ગાળીશ.

તમે હવે બંને જણ જાવ."

મહાત્મા તો ગભરાઈ ગયા.

અરે! દાસકાકા પણ અવાક્ થઈ ગયા.

એમણે કહ્યું "બાપજી! આવામાં રાત્રિ ના રહેવાય.

તમે ખાશો શું? તમે પીશો શું? સૂવાનું ક્યાં? પહેલેથી કહ્યું હોત તો કાંઈ વ્યવસ્થા કરત ને!"

પરંતુ અભયત્વને આત્મસાત્ કરનાર બ્રહ્મચારીજીને તો નો'તી કોઈ બીક, નો'તો લાગતો ડર કે નો'તો કોઈનો ભય.

બધામાં પોતાને અને પોતાનામાં બધાને જોનારને શાનો ભય?

પ્રભુ પર અપાર શ્રદ્ધા.

યોગક્ષેમ ભગવાનના હાથમાં મૂકયા પછી બીજા સાંસારિક વિચારો આવે જ ક્યાંથી?

અંતે પાંડુરંગ બ્રહ્મચારીજીને એકલા મૂકીને રતનલાલ તથા દાસકાકા રણાપુર પાછા આવ્યા.

રાત્રિ નારેશ્વરનાં દહેરે ગાળી, બ્રહ્મચારીજી સવારે રણાપુર પાછા ફરવાના હતા તેથી સૂર્યોદયની રાહ જોતા જોતા બંને સૂઈ ગયા.

•

## (૮)
## અતિ દિવ્ય અનુભવ

રતનલાલ મહાત્મા અને દાસકાકા હૃદય ઉપર પથરો મૂકી રણાપુર આવ્યા.

શરીર રણાપુરમાં હતું પણ મન તો નારેશ્વરનાં દહેરે રાતવાસો કરતા બ્રહ્મચારીજીની ચિંતા કરતું હતું.

આ બાજુ પાંડુરંગ બ્રહ્મચારીજીના અંતરમાં આનંદ આનંદ હતો.

સમર્થ સદ્‌ગુરુએ કૃપા કરીને ધીમે ધીમે ક્યાં આણીને મૂક્યો એનો વિચાર કરતાં માથું ગુરુ-ચરણમાં ઝૂકી ગયું. વેરાન જંગલ.

સૂર્યાસ્ત પછીનો ગાઢ અંધકાર.
નિશાચરની ચિચિયારી અને ચિત્કાર.
કાચો પોચો હોય તો એનું હૃદય જ બંધ પડી જાય.
છવ્વીસ વર્ષના નવયુવાનને આત્મ સાક્ષાત્કારની લગની.
દેવનાં દર્શનની ઉત્કટ ઝંખના.
પ્રભુપ્રાપ્તિની તલપ.
આકાશમાં તારા ટમટમતા હતા.
એક પીપળાના વૃક્ષ નીચે થોડી સાફસૂફી કરીને શરીર લંબાવ્યું.
લીંબુની ફાડ જેવી આંખો તો આકાશમાં અને આજુબાજુ બધે વિસ્તરેલા પરબ્રહ્મનાં જ દર્શન કરતી હતી.
આજ સુધી કરેલી સાધનાની આજે જાણે પરીક્ષા આપતા હતા.
ચિત્તમાં ગુરુનું સ્મરણ, હૃદયમાં નિર્મળ ભાવ અને મનમાં સાત્ત્વિક વિચારોથી વિભૂષિત એવા પાંડુરંગને આનંદ આનંદ થઇ ગયો.
સાપ કે વીંછી પણ એના પર કોઇનો પગ પડે તો જ ડંખ મારે છે અને એ પણ સ્વરક્ષણ માટે.
એને કોઈ હેરાન ન કરે તો એ કોઈને હેરાન કરતા નથી.
રાત્રિ વીતતી જતી હતી.
એવામાં દિવ્ય સુગંધથી એકાએક વાતાવરણ ભરાઈ ગયું.

વાતાવરણની મોહકતા અને દિવ્યતા કંઈ ઓર હતી. વાતાવરણની અલૌકિક સુગંધીનો આનંદ લૂંટે ન લૂંટે ત્યાં તો શિવાલયમાં શંખ અને ઘંટના નાદ થવા લાગ્યા. ભગવાન શિવનું પૂજન કરવા માટે દેવ, ઋષિ અને કિન્નરો આવતા હતા.

વેદના મંત્રોનું ગાન થતું હતું.

પૂજા, આરતી થતી હોય એમ લાગતું હતું.

પાંડુરંગને થયું કે લાવ! ઊભો થાઉં અને મંદિરમાં થતી પૂજા નિહાળું.

પરંતુ જ્યાં ઊભા થવા જાય ત્યાં બધો અવાજ બંધ થઈ જાય.

પાંડુરંગે વિચાર્યું કે “અતિ લોભ તે પાપનું મૂળ”.

જોવાના લોભમાં જઈશ તો દિવ્યનાદ સંભળાય છે તે પણ બંધ થઈ જશે.

બસ! ઉષ:કાળ સુધી પાંડુરંગ ખુલ્લી આંખે પીપળાનાં વૃક્ષ નીચે સૂતા રહ્યા અને દિવ્યતાનો અનુભવ લેતા રહ્યા.

અંત:કરણનાં ઊંડાણમાંથી અવાજ નીકળ્યો કે બસ! આ જ સ્થાન અને અહીં જ મુકામ.

ગુરુમહારાજે કરેલા આદેશ પ્રમાણે દત્તપુરાણનું અહીં જ અનુષ્ઠાન.

'જંગલમાં મંગલ'ની ધૂણીવાળા દાદાની વાત ખરી પડી. દિવ્ય આનંદથી ઘેરાયલા પાંડુરંગ સવાર થતાં રણાપુર જવા નીકળ્યા.

•

## (૯)
## આ ગયા મુકામ અસલી બાબા!

સવાર થતાં બ્રહ્મચારીજી રણાપુર જવા નીકળ્યા અને થોડીવારમાં જ રણાપુર પહોંચી ગયા.

એમને જોતાં જ રતનલાલ મહાત્મા અને દાસકાકાના મનને શાંતિ થઇ, જીવ હેઠો બેઠો.

પાંડુરંગે કહી દીધું કે આ સ્થાન મને એકદમ પસંદ છે અને દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ એ સ્થાન પર જ થશે.

દાસકાકાએ વાત સાંભળી મનમાં નિશ્ચય કર્યો કે બ્રહ્મચારીજી ભલે નારેશ્વરનાં દહેરે મુકામ કરે પણ એમને રહેવા માટે કોઈ યોગ્ય વ્યવસ્થા કરવી જોઈશે.

પોતાના મિત્ર અંબાલાલને લખેલા પત્રમાં પાંડુરંગે જણાવ્યું કે "મારે માટે પસંદ કરેલું સ્થાન કોરલથી આ તરફ ચારેક માઇલ છે.

આસપાસ દોઢ માઈલ સુધી કોઈ ગામ નથી એટલે હું ને મારો રામ બેની ગોઠડી ઠીક જામશે.

સ્થાનથી દોઢેક માઈલ દૂર માલોદ (હાલનું નામ: નારેશ્વર રોડ) નામનું સ્ટેશન છે."

ઘણી રઝળપાટ પછી ભગવાન દિવ્ય સ્થાન ઉપર લઈ આવ્યા એનાથી પાંડુરંગ ખુશખુશાલ હતા.

વહેલામાં વહેલી તકે એમણે સ્થાન ઉપર આવી જવું હતું પણ ભક્તોના પ્રેમને કારણે ઊભા થતા પ્રશ્નોની પતાવટ કરીને આખરે માગસર વદ ચોથના રોજ સ્થાન ઉપર આવવાનું નક્કી કર્યું.

દાસકાકા ગામડાના એટલે કારતક મહિનામાં મકાન, કુટીર બાંધવા તૈયાર ન થાય.

પોતાના ભગવાનને કષ્ટ ન પડે એવા વિચારથી ભક્તો આવા લૌકિક રિવાજો પાળતા હોય છે.

કોઈને આ વહેમ પણ લાગે અને ખોટા વહેમ લાગે.

પરંતુ ખૂબ પ્રેમ હોય ત્યાં શંકા પણ ઘણી થાય.

રતનલાલ અને દાસકાકાને સમજાવીને પાંડુરંગ ગોધરા ગયા અને દત્તજયંતી પૂરી થાય એટલે નારેશ્વરનાં દહેરે કાયમ માટે જવાની તૈયારીમાં પડ્યા.

●

# (૧૦)

## આન પડા નાથ!

સંવત ૧૯૮૨ અને સને ૧૯૨૫.
માગસર સુદ પૂનમ એટલે દત્તજયંતીનો મંગલ દિન.
દત્ત ભગવાનનો પ્રાગટ્ય દિન.
ભગવાન દત્તાત્રેયના પ્રાદુર્ભાવનો ત્રીજો દિવસ.
એટલે માગસર વદ ત્રીજ.
માલોદ સ્ટેશને (હાલનું નામઃ નારેશ્વર રોડ સ્ટેશન) ત્રીજની સમી સાંજે પાતળી કાઠીનો સળેકડી જેવો એક યુવાન ટ્રેનમાંથી ઉતર્યો.
માગસર મહિનાની કડકડતી ઠંડી.
સમી સાંજનું અંધારું હતું.
ઢોર ઢાંખર અને પક્ષીઓ પોતાનાં રહેઠાણે આવી ગયાં હતાં.
આવા સમી સાંજના પ્રસંગે પ્રભુ દર્શનની તલપવાળો નવયુવાન થોડા સામાન સાથે નારેશ્વરનાં દહેરાં તરફ ડગ માંડી રહ્યો હતો.
એ યુવાન બીજો કોઈ નહિ પણ આપણા બ્રહ્મચારીજી પાંડુરંગ હતા.
એમને વેરાન જંગલના નારેશ્વરનાં દહેરાના રસ્તે જતા જોઈ ગામના એક વડીલે પૂછ્યું: “ભાઈ! ક્યાં જશો?”

યુવાને વિનયથી જવાબ આપ્યો: "દહેરે, નારેશ્વર."
વડીલે વાત વાળી લીધી.
કહ્યું: "અત્યારે શું કામ જાવ છો?
અંધારું છે, ભૂલા પડાય એવો રસ્તો છે.
હવે આજની રાત આ નજીકનાં ગામે રહી વહેલી સવારે નીકળી જજો."
ગામનું નામ: "સગડોળ."
યુવાનને આમાં કંઈક દેવનો સંકેત જણાયો.
વાત સ્વીકારી લીધી અને એ રાત એક અપરિચિત વડીલનાં આંગણે પસાર કરી.
છાણ-મૂતરની દુર્ગંધ, મચ્છરોનો ગણગણાટ અને કાતિલ ડંખ, લોહી તરસ્યા જિંગોડાના ચટકા વચ્ચે ચિંતનશીલ યુવકે આખી રાતનું જાગરણ કર્યું.
આત્મચિંતનમાં રાત્રિ પસાર કરીને સૂર્યોદય થતાં જ નારેશ્વરનાં દહેરાની વાટ પકડી.
ગામના એક-બે જણ રસ્તો બતાવવા સાથે ગયા.
સંવત ૧૯૮૨ના માગસર વદ ચોથની સવારે એ પાંડુરંગ બ્રહ્મચારી શિવાલયે પહોંચી ગયા.
શિવાલય પાસેના લીમડાની નીચે આસન જમાવ્યું.
ભોળાનાથને અને ગુરુમહારાજને કહી દીધું કે 'હું તો આપના ભરોસે, આપના શરણે આવ્યો છું.'

મા રેવાને પણ કહી દીધું કે 'તારા ખોળે હું તો નિરાંતે સૂતો છું.'
હવે તો યથા યોગ્યં તથા કુરુ ।
હું તો શરણે આવીને પડ્યો છું. આન પડા નાથ.....

●

## (૧૧)
## રેવા માતાના ખોળે

સંવત ૧૯૮૨ની માગસર વદ ચોથ.
શિવાલય અને શિવાલયની સામેનો લીમડો.
બ્રહ્મચારીજીએ ભગવાન શંકરને વંદન કર્યા અને એમની સ્તુતિ કરી.
સૌ પ્રથમ આસન લીમડા નીચે મૂક્યું.
દત્તપુરાણનાં એકસો આઠ પારાયણનું અનુષ્ઠાન એ નિમિત્ત.
શિવાલયની સામેથી જ મા રેવાનાં દર્શન કર્યાં.
મા રેવા એટલે રવ રવ કરતી, અવાજ કરતી- મા નર્મદા.
નદી એ લોકમાતા છે.
એમને માતા માનીને બ્રહ્મચારીજીએ વંદન કર્યાં.
રેવાજળમાં સ્નાન કર્યું.

મા રેવાની સ્તુતિ કરી અને પ્રાર્થના કરતાં કહ્યું કે મા! હું તારા ખોળે આવી ગયો છું.

જેમ માતા નાનાં બાળકને સાચવે, એનું જતન કરે, એની બધી કાળજી લે તેમ તું મને સંભાળજે.

હે મા! મારું પારાયણનું અનુષ્ઠાન નિર્વિઘ્ને પૂરું થાય એવાં આશિષ આપજે.

હે મા! તું તો ભગવાન શંકરની તપશ્ચર્યા દરમ્યાન નીકળેલા પરસેવામાંથી ઉદ્‌ભવી છે, તો મારી તપશ્ચર્યાને પણ તું તેજસ્વી બનાવજે.

બ્રહ્મચારીજી પાંડુરંગે રેવાને નદી ગણી ન હતી.

રેવાને માતા જ માની હતી એટલે રેવામાં એમણે કદી કોગળા નથી કર્યા કે નથી થૂકયા.

મળ-મૂત્ર કરવાની તો વાત જ ક્યાંથી હોય?

મા-રેવાના ખોળે માથું મૂકી દીધું અને માતાએ એનાં બાળકને ખોળે લઈ પંપાળવા માંડ્યો.

મા અને પુત્રના હૃદયમાં આનંદ ઉછાળા મારે છે.

•

# (૧૨)
# સ્થાન દેવતા સ્તુતિ

સંવત ૧૯૮૨ના માગસર વદની ચોથ.
સને ૧૯૨૫ના ડિસેંબર મહિનાની ચોથી તારીખ.
મા નર્મદાનો કિનારો અને માગસર માસની કડકડતી ઠંડી.
શરીરનાં ગાત્રોને થીજવી દે એવી કાતિલ ઠંડી.
નદી ઉપરથી પવનના સુસવાટા એવા આવે કે ભલ ભલાને ધ્રુજાવી દે.
આ વાયરાથી રક્ષણ મળે એ માટે બે દિશામાં કરાંઠાની આડ ઊભી કરવામાં આવી.
શિવાલયની સામેના લીમડા નીચે આસન નાંખ્યું.
નારેશ્વરનું દહેરું એટલે એના ઈષ્ટદેવ ભગવાન શંકર.
જે સ્થાનમાં આસન મૂકીએ, રહેવાનું નક્કી કરીએ એ સ્થાનના દેવતાની પ્રથમ સ્તુતિ કરવી જોઇએ.
ભારતીય સંસ્કૃતિની આ પરંપરા છે.
પાંડુરંગ તો ભારતીય સંસ્કૃતિના અનન્ય ઉપાસક છે.
ભારતીય સંસ્કૃતિના પૂજક.
અને સંસ્કૃત ભાષા ઉપર વર્ચસ્વ ધરાવતા પાંડુરંગે નારેશ્વરના ભગવાનની સ્તુતિ કરતું સ્તોત્ર રચ્યું.

સ્તોત્રનું નામ: નારેશ્વર સ્તોત્રમ્ ।
ચાર લીટીનો એક શ્લોક.
આવા સાત શ્લોકો સ્થાનદેવતાનું માહાત્મ્ય ગાતા રચ્યા અને છેલ્લા શ્લોકમાં આ સ્તોત્રનું ફળ જણાવ્યું એટલે કુલ આઠ શ્લોક થયા.
પહેલો શ્લોક જોઇએ:

જગત્ત્રસ્તં દૃષ્ટ્વા ત્રિપુરપતિના પૂર્વમખિલં
સ્તુતઃ સ્તોત્રૈર્દિવ્યૈર્વિબુધનિવહૈસ્તત્પ્રહણને ।
વિધાયાલં રૌદ્રં વપુરનલદીપ્ત્યા તમદહન્-
નરાણામીશં તં પ્રણમત નરો જન્મક્ષતયે ॥

શ્લોકનો અર્થ સમજીએ:
હે મનુજો! જન્મમરણમાંથી છૂટવું છે તમારે? પગે લાગો લાંબા થઇ તે મનુષ્યોના ઇશ નારેશ્વરને, અત્યંત રૌદ્રરૂપ ધારણ કરી બાળી નાંખ્યો જેણે પોતાની (ત્રીજી આંખની) અગ્નિજવાળાથી તે (દુષ્ટ દાનવ) ત્રિપુરાસુરને- એના ત્રાસથી જગત બધું ત્રાસેલું જોઇ પૂર્વે દેવવૃંદોએ તેને મારી નાંખવા માટે મહાદેવની પ્રાર્થના કરેલી.
આપણને બે આંખ પણ ભગવાન શંકરને ત્રણ આંખ.
ત્રીજી આંખ જરૂર પડે ત્યારે જ ખોલે.
ખોલે એટલે સામેની વ્યક્તિ ભસ્મીભૂત થઇ જાય.

બે આંખની વચ્ચે એ ત્રીજી આંખ રહેલી છે.

ભગવાન શિવ એ જ્ઞાન વૈરાગ્યના દેવ છે તેથી પ્રભુપ્રાપ્તિ માટેની ઝંખનાવાળાને તો આ દેવ સવિશેષ પ્રિય છે.

સંસ્કૃત અને સંસ્કૃતિ બંનેના પૂજક હતા આપણા પાંડુરંગ-રંગદાદા.

•

## (૧૩)
## નારેશ્વરમાં નિત્યક્રમ

ગુરુમહારાજે આદેશ કર્યો કે દત્તપુરાણનાં એકસો આઠ પારાયણ કરો.

ગુરુમહારાજે ભરૂચમાંથી દત્તપુરાણગ્રંથ મેળવી આપ્યો.

અંતે ગુરુમહારાજના અનુગ્રહથી પાંડુરંગ નારેશ્વરના દિવ્યધામમાં આવી પહોંચ્યા.

સત્તાવીસ વર્ષનો નવલોહિયો યુવાન.

આ ઉંમરે સામાન્ય યુવાન સંસારના ભોગો ભોગવવામાં રચ્યો પચ્યો રહે ત્યારે આપણા પાંડુરંગે તો પ્રભુપ્રાપ્તિના પંથે પગલાં ભરવાં માંડ્યાં.

ઈન્દ્રિયોને વશ કરીએ પછી મન વશ થાય.

પ્રભુપ્રાપ્તિ અર્થે આ બંને કામ જરૂરી અને બંને કામ અઘરાં.

ઇન્દ્રિયોને વશ કરીએ તે દમ કહેવાય અને મનને વશ કરીએ તે શમ કહેવાય.

આપણા પાંડુરંગ મળસકે ત્રણ વાગે ઊઠે.

જ્યારે સંસારીઓ ભરનિદ્રામાં ઊંઘતા હોય ત્યારે મુનિજનો જાગી જતા હોય છે.

સાંજે માટલામાં રેવાજળ ભરીને લાવી રાખે.

માગસરની ઠંડીમાં રાત્રે એ પાણી બરફ જેવું ઠંડુ થઇ ગયું હોય.

દાતણ-પાણી કરીને પછી માટલાનાં ઠંડા પાણીથી સ્નાન કરે.

નદી ઉપરથી આવતા ઠંડા પવનના સુસવાટા શરીરને ધ્રુજાવી દેતા હોય. એમાં વળી ઠંડા પાણીનું સ્નાન!

પરંતુ આ બધું યુવાનીમાં દૃઢ નિર્ધારથી થઈ શકે.

“હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.”

એ ધ્યેય પાંડુરંગે આત્મસાત્ કર્યું હતું.

સ્નાન કર્યા પછી પાંડુરંગ બ્રહ્મચારીજી ધ્યાનમાં બેસે.

પોતાના ગુરુમહારાજ જે પ્રકારના આસને બિરાજતા તે આસનને તેમણે ઉપયોગમાં ન લીધું.

કેવી ગુરુનિષ્ઠા!

સવારના સાડા નવ વાગ્યા સુધી ધ્યાનમાં બેસે.
સચ્ચિદાનંદમગ્ન સ્થિતિનો આનંદ માણે.
સાડા નવે સમાધિ પૂરી થાય એટલે રેવા સ્નાન માટે જાય.
પરંતુ રેવાજીએ જતાં પહેલાં સગડી સળગાવે અને એના પર એક તપેલી મૂકે.
એ તપેલીમાં પાણી મૂકી એમાં મગની દાળ ઓરે.
એ મગની દાળમાં ઘઉંના લોટની નાની નાની ગોળીઓ વાળીને નાંખે.
ઉપર ઢાંકણું ઢાંકી દે.
રેવાજી ઉપર જતાં જતાં તપેલીને સૂચના આપી દે.
શી સૂચના?
'જો હું રેવા સ્નાને જઉં છું.
ત્યાં થોડી વાર ધ્યાનમાં બેસીશ.
પાછો આવું એટલે સીઝીને તૈયાર થઇ જજે, નહિતર કાચીને કાચી ખાઇ જઇશ!'
હાથમાં કમંડલુ લઇને રેવા કાંઠે જાય.
રેવાજીમાં સ્નાન કરી, ત્યાં સૂર્યને અર્ઘ્ય આપી પાછા દહેરે આવી જાય.
આવતાં આવતાં કમંડલ સાફ કરીને પાણીથી ભરી લાવે.
રેવાજી પરથી આવી સગડી પાસે જઇ બોલે:

"કેમ રે પકવાન! તું તૈયાર કે?" અને પોતે જ જવાબ પણ આપે: "હા તૈયાર, તૈયાર."

તપેલી સગડી ઉપરથી ઉતારે.

અંદરથી એક બે ગોળી કાગડાને નાંખે.

બે-ચાર ગોળી કૂતરા માટે જુદી રાખે અને પછી બધું એકરસ કરીને પી જાય.

તૃપ્તિનો ઓડકાર પણ આવે.

વાસણ સાફ કરી પછી થોડી વાર ડાબે પડખે આરામ કરે.

આરામ કરી પછી સ્નાન કરીને દત્તપુરાણનું અનુષ્ઠાન કરે.

દિવસ દરમ્યાન સૂરજના અજવાળે દત્તપુરાણનું પારાયણ કરે.

નારેશ્વરમાં આવવાનો મૂળ હેતુ તો આ અનુષ્ઠાનનો જ હતો ને!

સાંજે ચાર-પાંચ વાગ્યે સૂર્ય પ્રકાશ ઓછો થવા માંડે એટલે ફરી પાછું આત્મચિંતન.

સૂર્યાસ્ત થતા પહેલાં દૂધ પી લે એટલે સાંજની પેટપૂજા પૂરી.

સૂર્યાસ્ત થાય, અંધારાના ઓળા ઊતરે અને સન્નાટો છવાય એટલે તો બસ! નિજાનંદમાં મસ્ત.

ચાંદ-તારલિયાની સાથે વાતો કરે.

કુદરતને નિહાળીને આનંદ આનંદ અનુભવે.
ભગવાન સાથે ગોઠડી કરતાં કરતાં બે-ત્રણ કલાક આંખ મીંચાઇ જાય તો આરામ ગણી લે.
અને પાછું મળસકે ત્રણ વાગ્યે ઊઠીને પ્રાત:કર્મ તો શરૂ થાય જ.
આત્મસાક્ષાત્કાર માટે લોહીનું પાણી કરવું પડે.
દેહનું જતન કરનારા શરીરરાખા માટે આ રસ્તો જ નથી.
આવા આકરા નિત્યક્રમની તપશ્ચર્યા પાંડુરંગના જીવનમાં ચાલુ થઈ.

●

## (૧૪)
## દૂરંદેશી દાસકાકા

હરગોવિંદદાસ સોની હતા ગામડાના માણસ પણ વ્યવહારુ.
સૂઝ સમજ ઘણી ઊંડી.
સોનાની કસોટી કરવામાં પારંગત તેમ માણસ પારખવામાં પણ હોશિયાર.
પાંડુરંગના આછા પરિચયે પણ એમના નૂરને ઓળખી ગયા.
દત્તપુરાણનાં અનુષ્ઠાન નિમિત્તે આઠ-દસ મહિના

રોકાવાની પાંડુરંગની યોજના હતી.
પણ દાસકાકાનું મન કાંઈ બીજું જ વિચારતું હતું.
શિયાળાના પવનથી શરીરનું રક્ષણ થાય એ હેતુથી દાસકાકાએ પાંડુરંગ માટે કરાંઠાની વાડ કરી આપી.
અઠવાડિયામાં બે વાર આવીને ભિક્ષા માટેની વ્યવસ્થા કરી જાય.
કોઈ વસ્તુ ખૂટી તો નથી ને!
ભગવાન દાસકાકા દ્વારા બ્રહ્મચારીજી-પાંડુરંગની કાળજી લેતા હતા.
ભગવાને દાસકાકાને પ્રેરણા કરી.
દાસકાકાને થયું કે બાપજી આમ ખુલ્લી જગામાં વસવાટ કરે છે તે ઠીક નથી.
એમને માટે પાકું નાનું મકાન-ઓરડી તૈયાર કરું.
પરંતુ સત્‌સંગે ઘડાયેલા દાસકાકા વિવેકી પણ ઘણા.
એક દિવસ બ્રહ્મચારીજીને પ્રાર્થના કરતાં દાસકાકાએ કહ્યું કે આપ મંજૂરી આપો તો એક નાની પાકી ઓરડી બનાવવાની ભાવના છે.
બ્રહ્મચારીજીએ તરત કહ્યું કે જુઓ દાસ! હું કાંઈ અહીં કાયમ રહેવાનો નથી.
આ પારાયણ પૂરતું દશ મહિના કે બાર મહિના રહેવાનો છું તો એટલા પૂરતું પાકી ઓરડી બાંધવા પાછળ પૈસા શું કામ વેડફો છો?

એવી પાકી ઓરડીની જરૂર નથી.
તમારી ખૂબ ઈચ્છા હોય તો વાંસના ખપાટિયાની ૧૦’ x ૮’ની એક કોટડી ઊભી કરો.
બસ! એનાથી વિશેષ કાંઈ જરૂર નથી.
પરંતુ જેનું સમર્પણ હનુમાનજી જેવું હોય, જેની દાસ્યભક્તિ પ્રેરણારૂપ હોય તે કાંઈ માને ખરા કે?
એમણે કહ્યું કે બાપજી! આપ ભલે અનુષ્ઠાન પૂ રું થયે કદાચ અહીં નહિ રહો પરંતુ પાકી ઓરડી હશે તો કોઈ બીજા સાધકને પણ કામ લાગશે.
કરવા બેઠો જ છું તો પછી કામચલાઉ શું કામ?
કાયમનું જ કાંઈ ન કરું?
એમની ભાવના જોઈને બ્રહ્મચારીજીએ એમને ના ન કહી.
દાસકાકાએ માફી માગતાં કહ્યું કે, “બાપજી! સરસામાન આવતાં જરા મોડું-વહેલું થાય તો મને ક્ષમા કરજો પણ મને પાકી ઓરડી જ બાંધવા દો.”
ભગવાને કરેલી પ્રેરણા ફળી અને ત્રણેક મહિનામાં તો દત્તકુટીર તૈયાર થઈ ગઈ.
‘દેવનું કામ દેવ કરે છે’ તે આનું નામ.
પાંડુરંગ તો કેવળ દેવ ભરોસો રાખીને જીવે છે પણ દેવ એની પૂરી સંભાળ રાખે છે.

દેહ ભરોસો છોડીને દેવ ભરોસો રાખો.
યોગ્ય વ્યક્તિને યોગ્ય સમયે પ્રેરણા કરે છે અને પ્રેરણા મૂર્તિમંત પણ બને છે.
દાસકાકાની દાસ્યભક્તિ અને દૂરંદેશીપણાને કારણે જ નારેશ્વર ધામ ધીરે ધીરે તીર્થધામ બનવા માંડ્યું.

•

## (૧૫)
## ભગવાન ભરોસે

પાંડુરંગને ભગવાન ઉપર ભારે ભરોસો.
ઈશપરસ્તિ જબરી.
બધી ચિંતા ભગવાનને સોંપી દીધી હતી.
શરણભાવ જબરો.
'જે હરિને સંભારે તેને હરિ સંભાળે' એ વિધાનમાં પૂરો વિશ્વાસ.
'હું ગુરુનો, ગુરુ છે મમ રક્ષક એહ ભરોસો જાય નહિ' એ સૂત્રને ચરિતાર્થ કરેલું.
એકદમ સગવડ વિનાનું અને અગવડતાથી ભરેલું સ્થાન.
નારેશ્વરના દહેરે બ્રહ્મચારીજી બિરાજે.

સવારે નર્મદા સ્નાને જાય ત્યારે પાણીનો ઘડો ભરી લાવે.
બસ! આ પાણી આખો દિવસ અને રાત કામ લાગે.
એક દિવસની વાત છે.
બ્રહ્મચારીજીને સખત તાવ આવ્યો.
નર્મદા જઈ શક્યા નહિ અને ઘડો ભરી લાવી શક્યા નહિ.
આ બાજુ સરખેજના એક બ્રાહ્મણ.
નામ કેશવલાલ ત્રિપાઠી.
પણ બધા એને કેશવલાલ શેઠ તરીકે ઓળખે.
પૈસે ટકે સુખી.
એમને પૂજ્યશ્રી યાદ આવ્યા.
થયું કે લાવ દર્શન કરી આવું અને જોઇ આવું કે કેવી સ્થિતિમાં રહે છે.
એ તો મિયાગામથી મોટી કોરલની નાની ગાડીમાં બેઠા.
માલોદ (હાલનું નારેશ્વર રોડ) સ્ટેશને ઉતર્યા.
બપોરનો સમય. ચાલતા ચાલતા નારેશ્વરને દહેરે આવ્યા.
બે-ત્રણ કિલોમિટર ચાલ્યા.
બપોરનો તાપ.
ખૂબ તરસ લાગેલી.
બ્રહ્મચારીજી-બાપજીનાં દર્શન કર્યાં.
પગે પડ્યા.
પાસે બેઠા અને પછી કહ્યું કે "બાપજી! તરસ લાગી છે. પાણી પીવું છે."

બાપજીએ-પાંડુરંગે- કહ્યું: "શેઠ! આજે શરીરમાં તાવ છે તેથી નર્મદા તટે જઇ શક્યો નથી.
એટલે માટલું તો તદ્દન ખાલી છે.
નદી ઉપર જાવ અને તરસ સંતોષો."
પછી ઉમેર્યું કે, "શેઠ! નદી ઉપર જાવ તો આ માટલું લેતા જજો અને પાણી ભરી લાવજો."
ભારે તરસ લાગેલી એટલે કેશવલાલ તો ઊઠ્યા.
હાથમાં લીધું માટલું અને પહોંચ્યા નર્મદાને કિનારે.
પેટ ભરીને પાણી પીધું.
હાથ-પગ ધોઇ સ્વચ્છ થયા અને જળથી માટલું ભરી લીધું.
ખાંધે જળથી ભરેલું માટલું મૂકી શેઠ કેશવલાલ બ્રહ્મચારીજી-બાપજી પાસે આવ્યા.
માટલું મૂકીને પછી પોતાની ચિંતા વ્યકત કરતા કહેવા લાગ્યા: "બાપજી! આ તો સારું થયું કે હું આવ્યો.
પણ ધારોકે હું ન આવ્યો હોત અને આપને તરસ લાગી હોત તો શું થાત?"
પૂજ્યશ્રીએ કહ્યું: "શેઠ! તમે આવ્યા નથી.
ભગવાને તમને મોકલ્યા છે.
એને મારી ફિકર થાય એટલે તમારા જેવાને મોકલી આપે."

કેશવલાલ શેઠ તો સાંભળીને દંગ જ થઈ ગયા.
ભગવાન પર કેવો ભરોસો?
કેવો વિશ્વાસ?
પૂજ્યશ્રીનો અનન્ય શરણભાવ જોઈને કેશવલાલ શેઠને બે પંક્તિ યાદ આવી ગઈ:

જો જાકી શરણ લીએ તાકી રાખે લાજ,
ઉલટ જલે મછલી ચલે બહત જાત ગજરાજ.

•

## (૧૬)
## નારેશ્વરના શંકરદાદા

પાંડુરંગ-બ્રહ્મચારીજીએ સૌ પ્રથમ આસન મૂક્યું સંવત ૧૯૮૨ના માગસર વદ ચોથના દિવસે.
આસન મૂક્યું ભગવાન શંકરના-શિવાલયની પાસેના લીમડાની નીચે.
પોતાનો કામળો આસન તરીકે વાપરે.
રાત્રે અડધા કામળા ઉપર સૂએ અને અડધો કામળો ઓઢે.
આત્મચિંતનમાં મગ્ન રહેનારને ઊંઘ શાની?
આ શિવાલયના શંકરદાદા એ આ સ્થાનના સ્થાનદેવતા ગણાય.

એમનું સ્તવન કરતું સ્તોત્ર બાપજીએ રચ્યું.
સ્તોત્રનું નામ 'નારેશ્વર સ્તોત્રમ્' રાખ્યું.
આ શંકરદાદાનું મંદિર અહીં કેવી રીતે સ્થપાયું એ પણ જાણવા જેવું છે.
અત્યારે જ્યાં શિવાલય છે ત્યાંથી થોડે દૂર દીવાબેટ કરીને ગામ છે.
આ ગામ સાયર ગામની સીમને અડીને આવેલું છે.
મૂળ શિવાલય આ દીવાબેટમાં આવેલું.
અઢીસો-ત્રણસો વર્ષ પહેલાં નદીમાં ભયંકર પૂર આવ્યું.
ગામને અને શિવાલયને ઘણું નુકસાન થયું.
શિવાલયનો ઉપરનો ભાગ તણાઈ ગયો.
શિવલિંગ તો બચી ગયું પણ તેના ઉપર રેતીના ઢગલા વળી ગયા.
કોઈને ખ્યાલ પણ ન આવ્યો કે શિવાલયનું શું થયું?
અને શિવાલય ક્યાં ગયું?
પોતાના દુઃખમાં લોકોને શિવાલય યાદ ન આવ્યું.
અને કોઈએ એની તપાસ પણ ના કરી.
પણ ભગવાનને લીલા કરવી હશે.
એક વખત સાયર ગામમાં એક દક્ષિણી બ્રાહ્મણ કારભારી તરીકે આવ્યા.
નામ એમનું નારોપંત.

નારોપંત ગણપતિના પરમ ઉપાસક.
કારભારી તરીકે ખૂબ લોકપ્રિય થયા.
નારોપંત કહે તે કરવા ગામ તૈયાર.
નારોપંતનો પડ્યો બોલ ગામ ઝીલે.
એક દિવસ નારોપંતને સ્વપ્ન આવ્યું.
સ્વપ્નમાં અવાજ સંભળાયો: "મને બહાર કાઢો."
નારોપંત જાગી ગયા.
દીવો સળગાવ્યો.
મનમાં થયું: "મને બહાર કાઢો" એમ કોણ બોલ્યું?
શોધ કરી પણ કોઈ મળ્યું નહીં.
નારોપંત પાછા સૂઈ ગયા અને ફરી પાછું એ જ સ્વપ્ન!
અને સ્વપ્નમાં એ જ અવાજ: "મને બહાર કાઢ, કેમ પડી રહ્યો છે?"
ફરી પાછી શોધખોળ કરી પણ કોઈ દેખાયું નહીં.
પાછા ઘસઘસાટ ઊંઘી ગયા તો ફરી પાછું એ જ સ્વપ્ન!
સ્વપ્નમાં ભગવાને કહ્યું કે, "હું શંકર છું.
નદીની રેતમાં ઢંકાયો છું.
મને રેતમાંથી બહાર કાઢ.
જો હું ક્યાં દટાયો છું તે કહું.
એક ટેકરી છે.
ત્યાં એક સરસ મઝાનું ઝાડ છે.
બસ! ત્યાં તપાસ કર."

ગામના લોકોને લઈને નારોપંત ઊપડ્યા.
તગારાં, પાવડા અને કોદાળા લઈને એક મોટું ટોળું નીકળ્યું.
આગળ નારોપંત અને પાછળ ગામલોક.
ભગવાને સ્વપ્નમાં ટેકરી અને ઝાડ બતાવેલા.
એ નિશાની યાદ રાખી નારોપંત ચાલ્યા.
બધા ઝાડ ઝીણવટથી જુએ.
તપાસ કરતાં કરતાં એક સ્થળે સ્વપ્નમાં જોયલું ઝાડ અને ટેકરી દેખાતા ત્યાં ઊભા રહ્યા.
એમના આનંદનો તો પાર નથી.
બધાને કહ્યું કે, “બસ! આ જ જગ્યા.”
ગામડાના મહેનતકશ લોકો.
બાવડામાં જોર પણ ખૂબ.
બધાએ રેતી હટાવવા માંડી.
રેતી પૂરી હટાવાઈ ગઈ એટલે ખોદકામ શરૂ કર્યું.
થોડું ખોદાયું ત્યાં નારોપંત બોલ્યા: “બસ! હવે હાથથી ઇંટો અને પથ્થરો બહાર કાઢો.”
લોકોએ હાથ વડે ઇંટો કાઢી.
ઇંટો સાથે પથ્થરો પણ કાઢતા જાય.
ભગવાનનું નામ લેતા જાય અને કામ કરતા જાય.
ત્યાં જ ભગવાન શંકરના લિંગનાં જળાધારી સાથે દર્શન થયાં.

બસ! 'ૐ નમઃ શિવાય'ની ધૂનની ગર્જના શરૂ થઇ. ભગવાન શંકરના લિંગ અને જલાધારીને ધૂન કરતાં કરતાં હાલનું શિવાલય છે ત્યાં લાવ્યા.

જયાંથી ભગવાનની પ્રાપ્તિ થઇ ત્યાંની રેતી, ઇંટો અને પથ્થરો પણ લાવ્યા અને શિવલિંગની સ્થાપના માટે જે મંદિર બાંધ્યું તેમાં એ બધું વાપર્યું.

શિવમંદિરમાં શિવલિંગની સ્થાપના થઇ.

ગામના લોકોએ નારોપંતની યાદમાં ભગવાન શિવનું નામ પાડ્યું "નારેશ્વર".

"નારેશ્વર મહાદેવકી જય"નો જયજયકાર થયો.

આવાં દિવ્ય સ્થાનની સામેના લીમડાની નીચે આપણા રંગદાદાએ આસન મૂક્યું.

માગસર વદ ચોથ, સંવત ૧૯૮૨ના રોજ પહેલ વહેલું આસન મૂક્યું અને ભગવાન નારેશ્વરની સ્તુતિ કરતું સ્તોત્ર લખ્યું.

આજે પણ નારેશ્વરમાં સવાર-સાંજ પહેલી આરતી શિવાલય મંદિરે થાય છે અને પછી શ્રીરંગમંદિરે આરતી થાય છે.

આવું દિવ્ય તીર્થ નારેશ્વર રંગદાદાને એટલે જ ગમી ગયું- પસંદ પડ્યું.

●

# (૧૭)
# બોધીવૃક્ષ લીમડો

પાંડુરંગ બ્રહ્મચારીજી શિવાલય પાસેના લીમડા નીચે બેઠા.

આત્મ સાક્ષાત્કારનું લક્ષ્ય.

દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરવાનું ટૂંકા ગાળાનું ધ્યેય.

વ્યક્તિ સારા સારા ગુણો ધરાવે એટલે એનું જીવન પવિત્ર બને.

એનું જીવન સુગંધિત બને. એનું જીવન મહેકે.

ધીરે ધીરે લોકો એના પ્રતિ આકર્ષાય.

રતનલાલ મહાત્મા, દાસકાકા, લીલોડના પોલીસ પટેલ વારે વારે બ્રહ્મચારીજી પાસે આવતા.

દાસકાકાએ પછી તો ઇંટ-ચૂનાની પાકી ઓરડી પણ બાંધી.

ધીમે ધીમે લોકો આવતા ગયા અને આજુબાજુની ફાફડા થૂવરની ઝાડી કાપવા માંડી.

સાફસૂફી દરમ્યાન થોડે દૂર એક બીજો લીમડો જોયો.

બ્રહ્મચારીજી-પાંડુરંગને ત્યાં બેસવાની ઇચ્છા થઇ.

પાંડુરંગ હવે એ લીમડાની નીચે બેસવા લાગ્યા.

ત્યાં બેઠા બેઠા ‘મા-રેવા’નાં દર્શન થયા કરતાં હતાં.

આત્મચિંતનમાં ધ્યાનસ્થ રહેતા પાંડુરંગને તાપ-તડકો

ન લાગે તેથી લીમડાએ પોતાની ડાળીને નમાવવા માંડી.
લીમડો છત્રી બનીને પાંડુરંગનું ટાઢથી, તડકાથી અને ઝરમર વરસાદથી રક્ષણ કરતો હતો.
એનું જોઈને આજુબાજુનાં વૃક્ષો પણ નમ્ર બનીને પાંડુરંગને વંદન કરવા લાગ્યાં.
સારા વિચારો દ્વારા વ્યક્તિ ઘણું બધું કરી શકે.
પોતાની આત્મશક્તિ જાગૃત કરીને, કશું બોલ્યા વગર બીજાના પ્રશ્નોનું સમાધાન કરી શકે.
લીમડા નીચે વ્યક્તિ આવીને બેસે એટલે એને ન યાદ આવતું હોય તે પણ યાદ આવી જાય.
લોકોના પ્રશ્નોનું સમાધાન થવા લાગ્યું.
હવે પાંડુરંગ બ્રહ્મચારીજીને લોકો 'રંગ અવધૂત' બાપજી તરીકે ઓળખવા લાગ્યા.
લીમડાની નીચે અવધૂત આરામ ખુરશીમાં બેસે.
કશું બોલે નહિ. મૌન રાખીને બેસે.
આમ છતાં લોકો દર્શને આવે.
મનમાં પ્રશ્નો લઈને આવે પણ લીમડા નીચે અવધૂત સામે બેસીને દર્શન કરતાં જ લોકોના પ્રશ્નોનું સમાધાન થઈ જાય!
એને કારણે લીમડાને બોધ-ઉપદેશ-આપનાર લીમડો-બોધીવૃક્ષ લીમડા તરીકે લોકો ઓળખવા લાગ્યા.

●

# (૧૮)
# પાંડુરંગમાંથી રંગ અવધૂત

પાંડુરંગ માંડ દોઢ વર્ષના હતા ત્યારે પિતાશ્રી દ્વારા રામ નામનો મંત્ર મળ્યો.
પાંડુરંગ પાસે માતા મહાપુરુષોની વાતો કરે.
પાંડુરંગ વાતો સાંભળે.
વાતો સાંભળી એનો વિચાર કરે.
પાંડુરંગને પણ આવા મહાપુરુષ બનવાનો વિચાર આવે.
નાની ઉંમરથી જેવું વિચારીએ તેવું જીવન બને.
કુમળો છોડ હોય તેને જેમ વાળીએ તેમ વળે.
મોટા થયા પછી પાંડુરંગ મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચે.
રામતીર્થ નામના સંતનું જીવનચરિત્ર તેમને ખૂબ ગમે.
વારે વારે એ ચરિત્ર વાંચે અને એમના જેવું જીવન જીવવાનું વિચારે.
આ રામતીર્થનું મૂળ નામ તીર્થરામ. ખૂબ તેજસ્વી.
એમનું જ્ઞાન, એમનો ત્યાગ, ભગવાન પરનો દૃઢ વિશ્વાસ વગેરે ગજબનાં.
સંત બન્યા પછી એમણે એમનું તીર્થરામ નામ બદલીને રામતીર્થ કર્યું.
આપણા પાંડુરંગ બ્રહ્મચારીજીએ 'પાંડુરંગ' નામમાંથી પાંડુ શબ્દ છોડી દઈ કેવળ "રંગ" શબ્દ સ્વીકાર્યો.

અને એની પાછળ 'અવધૂત' શબ્દ જોડી પોતાનું નામ "રંગ અવધૂત" રાખ્યું.

પાંડુરંગે કેટલાંક સ્તોત્રમાં રંગ પાંડુ શબ્દ પણ વાપર્યો. અવધૂતેર રંગ, રંગ બાદશાહ જેવા નામે પણ પત્રો લખ્યા.

પણ છેવટે લોકોએ તો એમને 'રંગ અવધૂત મહારાજ'નું જ બિરુદ આપ્યું અને પછી તો એ નામે જ ઓળખાયા.

•

## (૧૯)
## અવધૂતનો અર્થ

પાંડુરંગમાંથી હવે રંગ અવધૂત મહારાજ તરીકે બ્રહ્મચારીજી ઓળખાવા લાગ્યા.

આ અવધૂત શબ્દ શા માટે લગાડ્યો?

મનુષ્યમાત્રને આનંદમાં રહેવું ગમે છે.

મન આનંદમાં હોય તો બધું ગમે.

તો મન આનંદમાં રહે કેવી રીતે?

શરૂઆતમાં વ્યક્તિને એમ થાય કે સુખ-સગવડનાં સાધનો હોય તો મન આનંદમાં રહે.

સારું ઘર, સારું ખાવાનું, મોટી મોટરકાર, ટેલિફોન-

ટી.વી. આ બધું હોય તો પછી માણસને આનંદ જ આનંદ.

પણ પછી એને અનુભવ થાય કે આ બધું હોવા છતાં ઘણી વાર મન દુ:ખી દુ:ખી થઈ જાય.

સુખ-સગવડ હોવા છતાં મન ઉદાસ થઈ જાય છે.

તો એનું કારણ શું?

સારું વાંચન, સારુ ચિંતન, સાધુ પુરુષોનો સત્સંગ વગેરે થયા પછી માનવીને એની ભૂલ સમજાય.

વ્યક્તિને ખબર પડે કે આનંદ તો પોતાનામાં જ છે, બહારનાં સાધનોમાં નથી.

સારું ખાવાથી આનંદ મળે એવું લાગે તે ભ્રમણા છે.

વિદ્યાર્થી નાપાસ થાય પછી એને આઈસક્રીમ ખાવાથી આનંદ ના મળે!

એને પોતાનો કોઈ જૂનો પ્રિય મિત્ર લાંબા સમયે મળે તો કશું પણ ખાધા વગર, કેવળ મિત્ર સાથે રહેવાથી, વાતો કરવાથી આનંદ આનંદ થઈ જાય.

જેમ જેમ સારા અને સાચા વિચારો કરે તેમ તેમ એ આધ્યાત્મિક માર્ગે આગળ વધે.

આવા સત્પંથે જનારાના પણ પ્રકારો હોય છે.

સામાન્ય રીતે ચાર પ્રકાર છે.

એને ચાર પ્રકારના આશ્રમ પણ કહે છે.

જે ઝૂંપડી બાંધીને રહે તે કુટિચક.
ખૂબ પાણીવાળું સ્થળ હોય ત્યાં રહે તે બહૂદક.
હંસવૃત્તિવાળું જીવન જીવતો હોય તે હંસ અને એમાં આત્મ સાક્ષાત્કાર થયો હોય તે પરમહંસ.
આ ચાર આશ્રમથી પણ જે આત્મોન્નતિમાં આગળ હોય તેવા પુરુષને અવધૂત કહે.
અવધૂત એ પાંચમો આશ્રમ.
અવધૂત શબ્દમાં 'અ' 'વ' 'ધૂ' અને 'ત' દ્વારા વ્યક્તિના જીવનમાં રહેલા ઊંચા ગુણો, ઊંચી જીવનદૃષ્ટિનું દર્શન છે.
જગત જે વસ્તુ પાછળ દોડે તેની પાછળ અવધૂત ના દોડે.
આવી વ્યક્તિ- અવધૂત કક્ષામાં જીવતી વ્યક્તિ હંમેશાં આનંદમાં જ હોય-સદાયે સચ્ચિદાનંદમગ્ન હોય.
એ બધા સાથે રહે, બધા સાથે જીવે છતાં હંમેશાં- આત્મવિચારમાં જ મસ્ત હોય.
એ પોતાના મૂળ સ્વરૂપમાં- સ્વસ્વરૂપમાં જ સ્થિર હોય.
જે પરિસ્થિતિથી આપણે દુઃખી થઇએ, જે પરિસ્થિતિ આપણને અગવડ આપે, વ્યથિત કરે તે પરિસ્થિતિમાં એ દુઃખી ન થાય.
એ તો આનંદમાં જ મસ્ત રહે.

આવી ઊંચી કક્ષામાં રંગદાદા પ્રવેશ્યા હતા એટલે લોકોએ એમને રંગ અવધૂત કહેવા માંડ્યું.

આપણે પણ સારા સારા વિચારો કરીએ અને એ પ્રમાણે જીવીએ તો આપણું મન પણ આનંદનો અનુભવ કર્યા કરે.

•

## (૨૦)

## 'દત્તનામસ્મરણ'ની રચના

અવધૂત બાપજી ઉપર સ્વામી રામતીર્થનો જબરો પ્રભાવ.

આવો જ પ્રભાવ એક બીજા સંતનો પણ ખરો.

એમનું નામ સમર્થ સ્વામી રામદાસ.

મહારાષ્ટ્રના આ સંતે રામનો સાક્ષાત્કાર કરેલો.

સ્વામી રામદાસે મનને બોધ આપતું એક સ્તોત્ર રચેલું.

સ્તોત્ર મરાઠી ભાષામાં હતું.

સ્તોત્રનું નામ હતું: 'મનાચેં શ્લોક'.

મનને બોધ (શિખામણ) આપતા શ્લોકો હતા.

નારેશ્વરમાં બેઠા પછી પૂજ્યશ્રીએ સૌ પ્રથમ નારેશ્વર સ્તોત્ર લખી સ્થાનદેવતાનું સ્તવન કર્યું અને પછી સંસ્કૃતમાં ૧૦૮ શ્લોકનું સ્તોત્ર રચ્યું.

સ્તોત્રનું નામ 'દત્તનામસ્મરણ' રાખ્યું.

સ્વામી રામદાસના સ્તોત્રને અનુસરતું આ સ્તોત્ર હતું. ચાર પંક્તિનો એક શ્લોક એવા ૧૦૮ શ્લોકમાં મનને 'શ્વાસે શ્વાસે દત્તનામ'નું સ્મરણ કરવાનો બોધ આપવામાં આવ્યો છે.

આપણે જગતને સુધારવાનું નથી, આપણી જાતને સુધારવાની છે, આપણા મનને સુધારવાનું છે.

આ સ્તોત્રનું મહત્ત્વ એ છે કે સને ૧૯૨૫નો ડિસેંબર મહિનો.

ઠંડીના દિવસો.

આવા દિવસોમાં પૂજ્યશ્રીએ નારેશ્વરમાં વસવાટ કર્યો. સંવત ૧૯૮૨ના માગસર વદ ચોથના રોજ નારેશ્વરમાં પહેલીવાર આસન મૂક્યું.

આસન મૂક્યા પછી સ્થાનદેવતાની સ્તુતિ કરતું સ્તોત્ર રચ્યું.

આ સ્તોત્રની રચના પછી પૂજ્યશ્રીએ સંસ્કૃતમાં ૧૦૮ શ્લોકમાં "દત્તનામસ્મરણ"ની રચના કરી.

સ્વામી રામદાસના મરાઠી સ્તોત્ર 'મનાચેં શ્લોક'ને અનુસરતું આ સ્તોત્ર છે.

આ સ્તોત્રનું મહત્ત્વ એ છે કે પૂજ્યશ્રીના વિચાર, વલણ અને દૃષ્ટિબિંદુનું આમાં સ્પષ્ટ દર્શન થાય છે. નારેશ્વરમાં બેસતાં પહેલાં એમની સાધનાની ફળશ્રુતિરૂપ એમના વિચારો કેવા સ્પષ્ટ અને દૃઢ હતા તે આમાંથી

જાણવા મળે છે.
મનુષ્ય જન્મનું લક્ષ્ય શું?
પૂજ્યશ્રીનો જવાબ છેઃ જન્મ મરણનો ફેરો ટાળવો.
આને માટેનું સાધન શું?
આને માટે શું કરવું જોઈએ?
આ વિશે પૂજ્યશ્રી કહે છેઃ સારા વિચાર, સાચી સમજ અને એ સમજ પ્રમાણેનું આચરણ.
આચરણ વગરનું જ્ઞાન શું કામનું?
જાણીએ પણ એ પ્રમાણે ન જીવીએ તો એનો અર્થ શો?
વર્તનમાં ન ઊતરે એવું જ્ઞાન તો ભારરૂપ છે, બોજારૂપ છે.
આમ સાચી સમજ આવે અને એ પ્રમાણેનું જીવન જીવાય એ માટે શું કરવું?
આને માટે મનને સતત સમજાવવું પડે.
મનને બોધ આપવો પડે.
મન જ બંધનનું અને મુક્તિનું કારણ છે.
મન હારે તો વ્યક્તિ હારે, મન જીતે તો વ્યક્તિ જીતે.
મન ઉપર વિજય મેળવે તેને બધે જ વિજય મળે.
પરંતુ આ મન તો ખૂબ જ ચંચળ છે.
મન વાંદરા જેવું છે.
ઝાડની એક ડાળી પરથી બીજી ડાળી પર અને બીજી ડાળી પરથી ત્રીજી ડાળી પર એમ મન કૂદયા જ કરતું હોય છે.

આવા ચંચળ મનને સ્થિર કરવા વૈરાગ્ય અને અભ્યાસ એ બે સાધનો અનિવાર્ય છે.

આ સ્તોત્રના ૧૦૮ શ્લોકની ધ્રુવ પંક્તિ છે:

"શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।

હે ચિત્ત! તું શ્વાસે શ્વાસે- પ્રતિશ્વાસે દત્ત ભગવાનના નામનું સ્મરણ કર."

દત્ત ભગવાન એ રંગદાદાના ઈષ્ટદેવ છે.

એમનું દરેક શ્વાસે સ્મરણ કરવાથી મન શુદ્ધ થાય, મન પવિત્ર થાય, મન સારા વિચારો કરે અને મનુષ્ય એ પ્રમાણે જીવન જીવે.

આવું જીવન જીવનાર જ જન્મ મરણના બંધનમાંથી મુક્ત થાય.

પૂજ્યશ્રીના જીવન પ્રત્યેના વિચારો અને વલણો અહીં પૂર્ણપણે સ્પષ્ટ થાય છે.

પૂજ્યશ્રીએ ભગવાનના આદેશથી પછી રચેલા દરેક સાહિત્ય રચનામાં આ જ વિચાર જોવા મળે છે.

નામસ્મરણ દ્વારા જ જન્મ-મરણનું ચક્ર ટાળી શકાય.

આપણે પણ નામસ્મરણ દ્વારા મનની શુદ્ધિ કરીએ અને શુદ્ધ મનથી નામસ્મરણ કરીએ અને મુક્તિ પામીએ.

•

# (૨૧)
## સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત! દત્ત

પૂજ્યશ્રીએ સંવત ૧૯૮૨ (સને ૧૯૨૬)માં સંસ્કૃતમાં "દત્તનામસ્મરણ" સ્તોત્ર રચ્યું.

પંદર વર્ષ વિત્યાં.

સંવત ૧૯૯૭માં સરખેજના ભક્તે એમને એ સ્તોત્ર ગુજરાતીમાં રચવાની વિનંતી કરી.

એ ભક્તનું નામ શ્રી દેવદત્તભાઇ ત્રિપાઠી.

એમની વિનંતીના ફળ સ્વરૂપે પૂજ્યશ્રીએ એ સ્તોત્રનું ગુજરાતીમાં પદ્યરૂપાંતર કર્યું.

ગુજરાતીમાં થયેલું રૂપાંતર પણ દિવ્ય હતું.

સંસ્કૃત સ્તોત્રમાં ધ્રુવ પંક્તિ હતી:

"શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।"

સ્તોત્રના ગુજરાતી રૂપાંતરમાં ધ્રુવ પંક્તિ હતી:

'સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત! દત્ત'

અહીં "આત્મન્"નું ગુજરાતી પૂજ્યશ્રીએ "ચિત્ત" કર્યું.

સ્મરણ, સ્મૃતિ, ચિત્ત અને મન- એ શબ્દો સમજવા જેવા છે.

મનુષ્યના મનની અનેક વૃત્તિઓ છે.

યોગ અંગેનું ચિંતન કરનાર ઋષિ પતંજલિ આ વૃત્તિને પાંચ વિભાગમાં વહેંચે છે.

સ્મૃતિ એ આવી એક પ્રકારની વૃત્તિ છે.
મન જેનું ચિંતન કરે અને તન્મય થાય ત્યારે તે વસ્તુને અનુરૂપ તેનું મન થાય છે.
માણસ જે કાંઈ જુએ, જે કાંઈ સાંભળે, જેને અંગે વિચાર કરે એના સંસ્કાર મન પર અચૂક પડે જ છે.
આ સંસ્કારોનો સંગ્રહ ચિત્તમાં થાય છે.
ભવિષ્યમાં પ્રસંગ આવે ત્યારે આ સંસ્કારો ફરી જાગ્રત થાય છે.
એને સ્મૃતિવૃત્તિ કહે છે.
માટે સારું વિચારો, સારું સાંભળો અને સારું જુઓ.
આનો ફાયદો વ્યક્તિને પોતાને થાય છે.
સંસ્કૃત શબ્દ "આત્મન્" નું ગુજરાતી પૂજ્યશ્રીએ "ચિત્ત" કર્યું છે.
એનું ગુજરાતી 'મન' કે 'આત્મા' કર્યું નથી એ ખૂબ મહત્ત્વની વાત છે.
ચિત્ત એટલે શું? મન એટલે શું?
ચિત્ત એટલે અર્ધજાગ્રત મન (Sub Conscious Mind).
અને મન એટલે જાગ્રત મન (Conscious Mind).
ચિત્ત એ ભોંયતળિયું (Ground Floor) છે અને એના પર થઈને મન, બુદ્ધિ અને અહંકારની ત્રણ વૃત્તિ ગતિ કરે છે.

જાગ્રત મન શેઠ છે, અર્ધજાગ્રત મન (ચિત્ત) એનો આજ્ઞાંકિત સેવક છે.

પરંતુ શક્તિની દૃષ્ટિથી જાગ્રત મનની શક્તિ ૧૦% થી ૧૫% જ છે જ્યારે અર્ધજાગ્રત મન (ચિત્ત)ની શક્તિ ૮૫% થી ૯૦% છે.

સ્મૃતિ- સ્મરણ શક્તિ એ અર્ધજાગ્રત મન (ચિત્ત)નું કાર્ય છે.

ભૂતકાળના અનુભવોના સંસ્કારો સમય આવે યાદ કરાવવાનું કાર્ય ચિત્ત કરે છે.

માટે ચિત્તમાં સારા સંસ્કારો પડવા જોઇએ.

જાગ્રત મનની સૂચનાનું ચિત્ત પાલન કરે છે એટલે મનને શુદ્ધ અને પવિત્ર રાખીએ તો તે ચિત્તને સારી સારી સૂચના આપે.

રાત્રે સૂતી વખતે ભગવાનને પ્રાર્થના કરીએ.

સારું સાત્ત્વિક વાંચન કરીએ.

ભજનસંગીત સાંભળીએ.

આમ કરવાથી ચિત્ત ઉપર સારા સંસ્કાર પડશે અને નિદ્રામાં એનું ઘણું સારું પરિણામ જોવા મળશે.

આમ “દત્તનામસ્મરણ” દ્વારા પૂજ્યશ્રીએ ચિત્તને અને મનને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

મનને સમજાવવું, તેને પવિત્ર રાખવું- એ પાયાનું, મહત્ત્વનું કામ છે.

નાની વયથી સારા મિત્રો, સારું વાંચન અને સારું વર્તન રાખીએ.

આ બધું વ્યક્તિને પોતાને માટે જ લાભકારક નીવડશે.

પૂજ્યશ્રીએ આવા સારા સાત્ત્વિક વિચારો અને વર્તન દ્વારા જ દત્તપ્રભુનાં દર્શન કર્યાં અને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મેળવી.

આપણે રંગદાદાનાં સંતાનો છીએ એટલે આપણે પણ એ રસ્તે ચાલવાનો પ્રયત્ન કરીએ.

- જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે.
- આચરણમાં ન ઉતારેલું જ્ઞાન બોજારૂપ છે.
- આચરણ એ જ ઉપદેશ. જીવન એ જ ઉપદેશ.

# (૨૨)
# નામસ્મરણનો મહિમા

ખૂબ નાની ઉંમરે પાંડુરંગને-રંગદાદાને પિતા પાસેથી રામ નામનો મંત્ર મળ્યો.

મોટી ઉંમરે કાગળ ઉપર 'રામ રામ' મંત્ર લખે અને શનિવારે એ રામનામના મંત્રનું લખાણ હનુમાનજીને અર્પણ કરે.

નામસ્મરણ એટલે ભગવાનના નામનું સ્મરણ.

સ્મરણ, જપ, કીર્તનમાં નામસ્મરણ સહુથી સરળ છે.

સ્મરણ કરવામાં ભણતર જરૂરી નથી એટલે અભણ વ્યક્તિ પણ સ્મરણ કરી શકે.

સ્મરણ કરવામાં કોઈ ખર્ચ થતો નથી એટલે ગરીબ વ્યક્તિ પણ સ્મરણ કરી શકે.

સ્મરણ કરવામાં મોટેથી બોલવાનું હોતું નથી એટલે મૂગો માણસ પણ સ્મરણ કરી શકે.

સ્મરણ પુરુષ કરી શકે, સ્ત્રી કરી શકે અને બાળક પણ કરી શકે.

સ્મરણ ગમે તે સમયે અને ગમે તે સ્થળે થઈ શકે.

આમ ભગવાનના નામનું સ્મરણ દરેક વ્યક્તિ કરી શકે અને ગમે ત્યારે કરી શકે.

રંગદાદા તો શ્વાસે શ્વાસે નામસ્મરણ કરવાનું કહે છે.
નામસ્મરણ ગમે તે સ્થળે અને ગમે તે સમયે થઇ શકે.
એ સ્મરણમાં કાંઈ ભૂલ થાય તો પણ ચિંતા નહિ.
વાલિયો લૂંટારો નારદ ઋષિની શિખામણથી 'રામ રામ' ને બદલે ઊલટું નામ 'મરા મરા' બોલ્યો તો પણ એ વાલ્મીકિ ઋષિ બની ગયો.
એક વ્યક્તિને ડુક્કરે પાછળથી ધક્કો માર્યો.
પડતાં પડતાં એ વ્યક્તિ બોલ્યો કે કોઈ હરામખોરે મને ધક્કો માર્યો છે.
આમ છતાં હરામખોર શબ્દમાં રામ શબ્દ આવ્યો તેથી તરી ગયો.
'હરામેણ હતોડસ્મિ ।'
ભગવાનનું નામસ્મરણ કરવાથી ચિત્તમાં જે સંસ્કારો પડે તે ખૂબ લાભદાયી નીવડે છે.
નામસ્મરણથી મરણ સચવાઈ જાય છે.
અંતઘડીએ ભગવાનના નામનું સ્મરણ થાય તો નામસ્મરણ કરનાર વ્યક્તિની સદ્‌ગતિ થાય છે.
મરણ સમયે જેવી મતિ તેવી ગતિ- 'મરણે યા મતિ સા ગતિ ।' એવું ગીતા કહે છે.
આથી આપણે નાનપણથી જ નામસ્મરણ કરીએ અને મરણની વેદનામાંથી બચી જઈએ.

●

## (૨૩)

# મામ્ અનુસ્મર યુધ્ય ચ ।

## 'મારું સ્મરણ કરતો જા અને યુદ્ધ કરતો જા'

દરેક શ્વાસે ભગવાનના નામનું સ્મરણ કર્યા કરીએ તો પછી બીજાં કામો નહિ કરવાનાં?

એમ કરીએ તો જીવન કેવી રીતે ચાલે?

બેસી રહીને સ્મરણ જ કર્યા કરીએ તો ભણવાનું નહિ?

નોકરી નહિ કરવાની? પૈસા નહિ કમાવાના?

પૈસા ન કમાઈએ તો પછી ઘર કેમ ચાલે?

મનમાં આવા અનેક પ્રશ્નો ઊભા થાય.

કુરુક્ષેત્રના યુદ્ધના મેદાનમાં ભગવાન કૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે.

આ સંવાદ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના નામે ઓળખાય છે.

અર્જુન યુદ્ધ કરવા તો આવ્યો પણ દાદા, ગુરુ અને સગાં સંબંધીને સામા પક્ષે જોતાં જ તે ગભરાઈ ગયો.

મારે ગુરુને મારવાના?

મારે દાદાજી ઉપર બાણ ચલાવવાના?

'હું યુદ્ધ નહિ કરું' એવું ભગવાનને કહીને એ રથમાં બેસી ગયો.

પણ પછી ભગવાન કૃષ્ણે એને સાચી સમજ અને સાચી દૃષ્ટિ આપી.

પછી એ યુદ્ધ કરવા તૈયાર થયો.
એનો મોહ જતો રહ્યો.
“શ્રીમદ્ ભગવદ્ ગીતા”માં ભગવાન કૃષ્ણે અર્જુનને કહ્યું કે તારે યુદ્ધ તો કરવાનું જ છે પણ આ યુદ્ધ મારું સ્મરણ કરતાં કરતાં તારે કરવાનું છે.
એક હાથથી ધનુષ્ય પકડ.
બીજા હાથથી બાણ માર.
પરંતુ આ કરતી વખતે પણ ચિત્ત તો મારું સ્મરણ જ કરતું રહેવું જોઇએ.
શરીર શરીરનું કામ કરે, ચિત્ત ચિત્તનું કામ કરે.
પણ આવું થઇ શકે ખરું? એક સાથે બે કામ કેવી રીતે થાય?
આ તો અઘરું કામ છે.
હા, અઘરું જણાય છે, પણ અશક્ય નથી.
અભ્યાસથી, વારંવાર પ્રયત્ન કરવાથી એ સરળતાથી થઇ શકે છે.
એક ઉદાહરણથી વાત સ્પષ્ટ કરીએ.
શરૂ શરૂમાં વ્યક્તિ ભગવાનની આરતી ઉતારે ત્યારે ઘંટડી વગાડવાનું કામ બીજાને સોંપે.
પણ કોઇ એને એમ કહે કે તારે જ આરતી ઉતારવાની, તારે જ ઘંટડી વગાડવાની અને તારે જ આરતી ગાવાની.
તો શરૂઆતમાં એની દશા કેવી થાય?

આરતી ગોળ ગોળ ફેરવે તો ઘંટડી પણ ગોળ ગોળ ફરે અથવા ઘંટડી ડાબી-જમણી બાજુએ ફેરવે તો આરતી પણ એ જ રીતે ફરે.

એનું મોં રડવા જેવું થઈ જાય.

પણ પછી રોજ-રોજના-વારંવારના-પ્રયત્નથી અભ્યાસથી એનો જમણો હાથ ગોળ ગોળ આરતી ફેરવે, ડાબો હાથ ઘંટડી વગાડે અને મુખ આરતી ગાતું રહે.

કૂવા ઉપરથી પાણી ભરીને પનિહારી આવે.

માટીના મોટા ઘડા ઉપર નાનો ઘડો અને નાના ઘડા ઉપર તદ્દન નાનો ઘડો મૂકી, હાથ છૂટા રાખીને આવે. માથા ઉપર ત્રણ ઘડા, બંને હાથ છૂટા અને એ હાથ હલાવતી જાય અને જોડેની બહેનપણી જોડે વાતો પણ કરતી જાય!

એ પનિહારી હાથ હલાવે, વાતો કરે પણ એનું ચિત્ત તો ઘડામાં જ હોય અને ઘડો ન પડી જાય એનું ચિત્ત ધ્યાન રાખે છે.

આપણે પણ નાનપણથી ટેવ પાડીએ, પ્રયત્ન કરીએ તો એ અભ્યાસને કારણે સંસારમાં રહીને, સંસારનાં બધાં કામો કરવા છતાં આપણું ચિત્ત નામસ્મરણ કરતું જ રહે.

આવા નામસ્મરણનું ફળ શું?

●

# (૨૪)

## નામસ્મરણનું ફળ

નામસ્મરણ એ સાધન પણ છે અને સાધ્ય પણ છે.
નામસ્મરણ કરતાં કરતાં જન્મ-મરણને ટાળવાનું છે.
નામસ્મરણ એ મુક્તિ મેળવવાનું સાધન છે.
નામ-સ્મરણ કરવાથી નામસ્મરણ કરનારો પોતે જ ભગવાન સ્વરૂપ બની જાય છે.
પૂજ્યશ્રી એક ભજનમાં લખે છે:
હરિ હરિ કરતાં રે, હરિજન હરિ થયા.
બીજા ભજનમાં કહે છે:
નામ નામીનો ભેદ મટે ને નામી આપ હો જાય,
ગાન ગેય ગાનાર ત્રિપુટી **રંગ** એક થઈ જાય.
નામસ્મરણ કરતાં કરતાં ભકત- નામસ્મરણ કરનાર- પોતે જ ભગવદ્ સ્વરૂપ બની જાય છે અને તો પણ નામસ્મરણ કરવાનું મૂકતો નથી.
શ્વાસે શ્વાસે નામસ્મરણ કરવું એ તો એનું લક્ષ્ય છે, સાધ્ય છે.
નામસ્મરણથી ચિત્ત શુદ્ધિ, મન શુદ્ધિ, બુદ્ધિ શુદ્ધિ થાય.
જગતમાં રહેવા છતાં જગતનાં સુખ-દુ:ખની એને અસર ન થાય.

એની દૃષ્ટિ બદલાઈ જતાં બધે સુખ, સુખ અને સુખ જ જણાય.

દરેક વ્યક્તિમાં ભગવાનનાં જ દર્શન થાય.

બધા સાથે હળી મળીને રહે.

કોઈને વાણીથી કે વર્તનથી દુઃખ ન થાય એની પૂરી કાળજી રાખે.

વાણીમાં મીઠાશ અને વર્તનમાં પ્રેમ અને સરળતા જણાય.

આવી વ્યક્તિના જીવનમાં કાયમની શાંતિ રહે.

એની પાસે જવાથી જનારને પણ શાંતિ મળે.

આવી વ્યક્તિને જ સંત કહેવામાં આવે છે.

'શાંતિ પમાડે તેને સંત કહીએ.'

આપણા રંગદાદા આવા સંત હતા.

નામસ્મરણથી બીજાના મનની વાત જાણી શકે.

એનું દુઃખ જાણી શકે.

દુઃખ દૂર કરવાનો ઉપાય બતાવી શકે અને એમના આશીર્વાદથી દુઃખ દૂર પણ થાય.

શ્વાસે શ્વાસે નામસ્મરણ કરવાથી એ એવું શુદ્ધ અને પવિત્ર જીવન જીવે કે ભગવાન અને પ્રકૃત્તિ એ જે વચન બોલે તે સાચું પડે એવી પરિસ્થિતિનું સર્જન કરે.

નામસ્મરણ સાધન તરીકે સરળ છે.

એમાં કોઇ વિધિ નથી કે કોઇ ખર્ચ નથી અને છતાં ફળ શું?

નામસ્મરણ કરનાર પોતે જ હરિ થઇ જાય.

આપણે પણ જીવન યાત્રાને સારા વિચારોથી, સારી વાણીથી અને સારા વર્તનથી સફળ કરીએ.

આને માટે નાનપણથી જ ભગવાનનું નામસ્મરણ કરીએ.

આવું કરીએ તો રંગદાદા રાજી રાજી થઇ જાય.

•

# (૨૫)

# દત્તનામસ્મરણમાંથી આચમન

પ.પૂ. રંગદાદાએ સંસ્કૃતમાં ૧૦૮ શ્લોક લખ્યા.

સ્તોત્રનું નામ આપ્યું: દત્તનામસ્મરણમ્ ।

પછી એનું ભુજંગી છંદમાં ગુજરાતીમાં પદ્ય રૂપાંતર કર્યું.

આ ગુજરાતી પદ્ય રૂપાંતરમાંથી કેટલાક શ્લોકો જોઇએ:

નડે ના અહીં કષ્ટ ના વિત્ત હાનિ
ન ખોવાપણું ના લગે કાવ્યવાણી ।
સહુશ્રેષ્ઠ આ સાધનોમાં વરિષ્ઠ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥

નામસ્મરણનું મહત્ત્વ જોઈએ.
નામસ્મરણમાં મહેનત (કષ્ટ) પડતી નથી.
પૈસાનો કોઈ ખર્ચ (વિત્તહાનિ) નથી.
એમાં કાંઈ ગુમાવવાનું નથી, એમાં કાંઈ કાવ્ય કરવાની બુદ્ધિશક્તિની પણ જરૂર નથી અને છતાં શ્રેષ્ઠ સાધનોમાં પણ સહુથી શ્રેષ્ઠ સાધન છે.
(**Best In The Best**).
સરળ, મફત અને છતાં શ્રેષ્ઠ.
હવે આવા સાધનનો આપણે ઉપયોગ ના કરીએ અને દુ:ખી થઈએ તો એમાં કોનો વાંક?

રહે ભૂમિમાં વિત્ત અશ્વાદિ ગોષ્ઠે
ફરે મિત્ર માર્ગે સ્મશાને સગાં તે ।
તનુ દેવતામાં દુવારે કલત્ર
જતાં શ્વાસ કોઈ ન આવે પરત્ર ॥

આ શ્લોક આપણને સાવધાન (**Red-Alert**) કરે છે.
તું તારું મોંઘું મનુષ્ય જીવન જેમાં વેડફી દે છે એ બધા તને અંતે કામ લાગશે?
અને કામ ન જ લાગવાના હોય તો એમાં જીવન વેડફવાની મૂર્ખામી શું કામ કરે છે?
તું મરી જશે (જતાં શ્વાસ) ત્યારે તારું દાટેલું ધન(વિત્ત) ભૂમિમાં-જમીનમાં રહી જશે.

ઘોડો વગેરે પશુઓ ગભાણમાં રહી જશે.
આ શરીર ચિતા સુધી જ સાથે રહેશે.
તારી પત્ની (કલત્ર) ઘરના બારણાં (દુવારે- દ્વારે) સુધી જ સાથે આવશે.
હે જીવ! પરલોકમાં તો તું એકલો જ જવાનો છે અને તારી સાથે તારાં સારાં નરસાં કર્મો જ આવશે.
ડાહ્યો માણસ તે કહેવાય કે જે પરલોકમાં પણ સાથ આપે, પરલોકમાં પણ સાથે આવે તેને સંભાળે.

વળી જ્યાંતિહાં દ્રવ્યસ્ત્રીના જ દાસ
લડે કાંચનસ્ત્રીવિવાદે જ ખાસ ।
વધે વાદવાદે જ એ વેરઝાળ
બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ ॥

સામાન્ય વ્યક્તિના જીવનનું લક્ષ્ય પૈસા કમાવવા અને લગ્નજીવન ભોગવવાનું હોય છે.
આને માટે જે કરવું પડે તે કરવા તૈયાર હોય છે.
'પૈસો હશે તો બધાં કામો થશે' એવી એની સમજ હશે.
એનું સૂત્ર શું?

પૈસો મારો પરમેશ્વર ને બૈરી મારી ગુરુ,
છૈયાં-છોકરાં શાલિગ્રામ, હવે સેવા કોની કરું?

આ સ્ત્રી અને સંપત્તિ જ ઝઘડાનું મૂળ છે.
કહેવાય છે કે:

જર, જમીન અને જોરૂ
એ ત્રણ કજીયાનાં છોરૂ.

આ સ્ત્રી-સંપત્તિ માટે ઝઘડો હોય છે જે બધાં દુ:ખોનું મૂળ છે.
પછી એક સારી શિખામણ આપે છે કે કોઇ દિવસ કોઈની સાથે વાદ-વિવાદ કે વિતંડાવાદ કરવો નહિ.
ચર્ચા થઇ શકે પરંતુ એ તો સામે યોગ્ય વ્યક્તિ જણાય તો.
વધુ વાદ-વિવાદથી વેરનો અગ્નિ પ્રગટે છે.
દુશ્મનાવટ જન્મે છે.
જો સામો પક્ષ હારે તો અંદરથી વેર બાંધે અને આપણે હારીએ તો આપણને અનહદ દુ:ખ થાય અને એની સામે દુશ્મની થાય.
આવા વાદ વિવાદમાં મળે શું?
જવાબ છે: "કશું નહિ."
આવા વાદ વિવાદથી પ્રેમના સંબંધો વેરના સંબંધોમાં ફેરવાઇ જાય છે.
એટલે પૂજ્યશ્રી એક ભજનમાં કહે છે કે:
સબસે હિલમિલ જગમેં રહેના, મનકા સંગ છુડાના;
એ જ ભજનમાં પછી કહે છે કે:

ચંદનસમ નિજકાય જલાના, જગમેં સુગંધ ફૈલાના;
શીતલ વચનામૃત ધારાસે, દુ:ખિયન દુ:ખ મિટાના...
મનુવા, હરિભજના હરિભજના.

આમ સમગ્ર દત્તનામસ્મરણનો બોધ છે વિવેકયુક્ત વૈરાગ્ય પામી જીવન જીવવું અને નામસ્મરણ દ્વારા પ્રભુની પ્રાપ્તિ કરવી.

આપણે પણ રંગદાદાનાં બાલુડાં છીએ તો પરિવારમાં બધાં સાથે હળી-મળીને રહીએ.

એક બીજાનાં સુખ-દુ:ખમાં સાથે રહીએ અને એક બીજા પ્રત્યે પ્રેમ રાખી 'પરસ્પરદેવો ભવ'નું રંગદાદાએ આપેલું સૂત્ર જીવનમાં ઉતારીએ.

એક દિવસ એવો આવવો જોઇએ કે બાપજી રાજી રાજી થઇ જાય.

રંગ રહે જેનાથી રાજી, ગોઠવવી જીવનની બાજી,
રંગ કહે આ બાળક મારો, હું ને માજી બંને રાજી.

●

(ટાઈટલ પેજ-૪ નું અનુસંધાન)

(૬) **દત્તનામ** - દત્તં નામ એવં રૂપં ચેન તદ્ પરબ્રહ્મ ।
જેણે આ જગતમાં નામરૂપ આણ્યાં, જેની સત્તાથી જગત નામરૂપવાળું થયું, વ્યક્ત થયું તે આદિ અંત સંચરી રહેલું એકમેવાદ્વિતીય બ્રહ્મ - તેનું સ્મરણ એટલે જ સાયુજ્ય પ્રાપ્તિ.

**શ્વાસે શ્વાસે :**

(૧) પ્રત્યેક શ્વાસોચ્છવાસ સાથે અનુસંધાન રાખીને.

(૨) શ્વાસેઽશ્વાસે:(શ્વાસે + અશ્વાસે)
શ્વાસ ચાલતો હોયત્યારે - જીવંત અવસ્થામાં - જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્ચ્છાદિ અવસ્થામાં પણ, અને અશ્વાસે- શ્વાસ બંધ પડી ગયા પછી એટલે કે મરણોત્તર અવસ્થામાં પણ - ચોખામેળાના મૃત અસ્થિમાં દૃષ્ટિગોચર થયેલ તેમ.

- પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ

# શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।

## (પૂ.રામચંદ્ર કામતજીને લખેલો પત્ર)

**દત્તનામ :**

(૧) દત્ત ઈતિ નામ - દત્ત (એવું) નામ.

(૨) દત્તસ્યનામ - દત્તનું નામ. (અ) આત્રેય દત્તના સોળ આવિર્ભાવોમાંના ગમે તે એક આવિર્ભાવનું નામ. (બ) દત્તના શ્રીપાદવલ્લભ વગેરે ગમે તે અવતારી વિગ્રહ (શરીર)નું નામ. (ક) ત્રિમૂર્તિ દત્તસ્વરૂપ પોતાના જ સદ્ગુરુનું નામ.

(૩) દત્તસ્ય- દીયતે અનેન ઈતિ વ્યુત્પત્યા દત્તસ્ય પરમેશ્વરસ્ય નામ - દત્તનું એટલે જેણે આપણને સર્વ કાંઈ આપેલું છે એવા પરમેશ્વરનું અથવા તદવતારનું શિવ, ગણેશ, જગદંબા, રામ, કૃષ્ણ, વિઠ્ઠલ વગેરેમાંથી કોઈ પણ એક સ્વરૂપનું નામ. આમ કેટલોક સમયસમજ ને આવડત પ્રમાણે જે નામસ્મરણ કર્યું હોયતેના ફળ સ્વરૂપે સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી,

(૪) દત્તનામ - દત્ત નામ - ગુરુણા દત્તં નામ - સદ્ગુરુએ આપેલો ગુરુ મંત્ર - તેના પરિણામરૂપે નિષ્કામવૃત્તિ સિદ્ધ થયા પછી

(૫) દત્તનામ - દત્તં નામ - સાક્ષાત્પરમાત્મના જન્મના સહ દત્તં - સોઽહં ઈતિ નામ, મંત્રઃ ઈત્યર્થઃ - ઈશ્વરે જન્મતાવેંત ચાલુ થયેલ શ્વાસોચ્છવાસ સાથે જ આપેલો સોઽહં નો અજપાજપ મંત્ર અને છેવટે જપ વિસરી જઈને લક્ષ્યાર્થ સાથે એકરૂપ થઈ જવાનું.

(જુઓ ટાઈટલ પેજ-૩)